ૐ હ્રીઁ અર્હં નમોનમઃ

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૬


લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ

સહાયક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.



આવૃત્તિ-૧૪મી ❖ તા.૧-૧૦-૨૦૧૬

❖ નકલ : ૩૦૦૦ ❖ પૂર્વની નકલ : ૫૪,૫૦૦

કિંમત ₹ ૨-૦૦


**પ્રાપ્તિસ્થાનો**

**અમદાવાદ :**

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨

જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग १ से ५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૫૪,૦૦૦ નકલ છપાઈ**

# ભાગ-૬ની અનુક્રમણિકા


| ક્રમ | મુખ્ય વિષય | પેજ નં. |
|---|---|---|
| (૧) | પ્રમાણિકતા—ઉચ્ચભાવના | ૧ થી ૧૩ |
| (૨) | પ્રભુભક્તિ | ૧૪ થી ૨૩ |
| (૩) | જિનવાણી મહત્તા—શિબિર લાભ | ૨૪ થી ૩૨ |
| (૪) | કરુણા—જીવદયા | ૩૩ થી ૪૩ |
| (૫) | વિશેષ પ્રસંગો | ૪૪ થી ૫૩ |

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | પ્રામાણિકતા | ૨૪૪ |
| ૨. | પૂજારીએ પગાર પાછો | ૨૪૪ |
| ૩. | સંઘભક્તિ | ૨૪૫ |
| ૪. | ધંધાથી નિવૃત્તિ | ૨૪૫ |
| ૫. | શુભ ભાવની તાકાત જબ્બર | ૨૪૬ |
| ૬. | અજબ આરાધના | ૨૪૬ |
| ૭. | નીતિનો દૃઢ આગ્રહ | ૨૪૮ |
| ૮. | પૂર્વ-પુણ્યે પ્રવ્રજ્યા સુધી પહોંચાડ્યો | ૨૪૮ |
| ૯. | ખૂનીનો પશ્ચાતાપ | ૨૫૦ |
| ૧૦. | લૉચનો લાભ | ૨૫૧ |
| ૧૧. | પાપભયથી લગ્નનો ત્યાગ | ૨૫૨ |
| ૧૨. | ચોરને સુશ્રાવક બનાવ્યો | ૨૫૩ |
| ૧૩. | જિનશાસનના ઝગમગતા સિતારા ! | ૨૫૬ |
| ૧૪. | પ્રભુની (અને પૂજારીની) ભક્તિ | ૨૫૮ |
| ૧૫. | અલબેલો સંઘ | ૨૫૮ |
| ૧૬. | ભક્તામર આરાધો | ૨૫૯ |
| ૧૭. | પ્રભુપૂજાથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ | ૨૫૯ |
| ૧૮. | શ્રી આદિનાથની પહેલી પૂજા કરાવી | ૨૬૧ |
| ૧૯ | પુષ્પપૂજાનો વિશિષ્ટ ઉલ્લાસ | ૨૬૨ |
| ૨૦. | દેરાસર બંધાવ્યાં | ૨૬૪ |

૨૧. તીર્થની આશાતના તજો ............................ ૨૬૪
૨૨. સાધુ ભક્તિ ........................................ ૨૬૫
૨૩. ભાવથી પ્રભુભક્તિ ................................ ૨૬૫
૨૪. જિનવાણીથી વ્યસની સદાચારી ...................... ૨૬૭
૨૫. શિબિરથી સંયમયાત્રા ............................... ૨૬૮
૨૬. પ્રતિજ્ઞાના પ્રભાવે વાવાઝોડું શાંત ! ................. ૨૬૮
૨૭. પ્રવચનથી મહાધર્મી ................................ ૨૬૯
૨૮. પ્રવચન-શ્રવણથી શ્રેષ્ઠ આરાધના ................... ૨૭૦
૨૯. પ્રવચનશ્રવણનો પ્રભાવ ............................ ૨૭૧
૩૦. નવીનકાકાની આરાધના ........................... ૨૭૨
૩૧. અજૈન કે જૈનો ? .................................. ૨૭૩
૩૨. વ્યાખ્યાને ધર્મી શ્રાવક બનાવ્યા .................... ૨૭૪
૩૩. કરુણાપ્રેમી ......................................... ૨૭૪
૩૪. જીવદયાપ્રેમી ....................................... ૨૭૫
૩૫. અદ્ભૂત જીવપ્રેમ ................................... ૨૭૫
૩૬. કોલેજીયનની અહિંસા .............................. ૨૭૬
૩૭. જીવદયા ........................................... ૨૭૭
૩૮. સેવાની લગની .................................... ૨૭૭
૩૯. જીવદયા પ્રેમી ..................................... ૨૭શ્ર
૪૦. કસાઈની કરુણા ................................... ૨૭૮
૪૧. જિનશાસનના ઝગમગતા સિતારા ! ................ ૨૭૮
૪૨. કરૂણા ............................................. ૨૮૦
૪૩. કોલેજીયનનો અહિંસા પ્રેમ ......................... ૨૮૦
૪૪. ઈતર દેવ માનવાના નુકશાન ...................... ૨૮૦
૪૫. રાત્રિભોજન કરનારના પાણીના પણ ભાગ ......... ૨૮૨
૪૬. આચાર્યશ્રીના આશીર્વાદથી સંયમ................... ૨૮૩
૪૭. ગુરૂ-ચરણામૃતનો પ્રભાવ ........................... ૨૮૪
૪૮. નોકરો માટે પણ દિલાવરી ! ...................... ૨૮૫
૪૯. ધર્મી સાધર્મિકની ભક્તિ ............................ ૨૮૬
૫૦. ધર્મપ્રેમી આજના સુશ્રાવકો......................... ૨૮૭
૫૧. શેઠની જયણા ..................................... ૨૮૮

# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - ૬

### ૧. પ્રામાણિક્તા

આ સુશ્રાવક આજે પણ અમદાવાદમાં ખૂબ સુંદર ધર્મ કરે છે. એ સરકારી ઈજનેર હતા. કપડવંજમાં સરકારી રેસ્ટ હાઉસમાં થોડા વર્ષો પહેલાં સરકારી તપાસે ઉતરેલા. બાજુની નદીના પુલના બાંધકામમાં ગેરરીતિની ફરિયાદ હતી. સરકારે તપાસ કરવા મોકલેલા. કોન્ટ્રાક્ટર તરફથી ઓફર આવી કે બરાબરનું પ્રમાણપત્ર આપી દો તો ૫૦ હજાર રોકડા આપીએ. સામાન્ય સ્થિતિ, બાળકોને ભણાવવા વગેરે સમસ્યાઓ. છતાં ઓફર નકારી દીધી. મારે અનીતિનું પાપ નથી કરવું, કેવી ઉત્તમ ભાવના ! ભાગ્યશાળીઓ ! તમે તો ઘણાં સુખી હશો. તો પછી નિશ્ચય કરો કે નાની પણ અનીતિ કરવી જ નથી.

### ૨. પૂજારીએ પગાર પાછો

એ પૂજારી પાટણના દેરાસરમાં હતાં. એમની દિલની દઢ ઝંખના કે આપણે ભગવાનની ભક્તિ કરવી, પણ પગાર ન લેવો. છતાં આજીવિકા માટે લેવો પડતો હતો તેથી વારંવાર પ્રાર્થના કરે કે હે પ્રભુ! તારી કૃપાથી મારે આ પગાર ન લેવો પડે અને લીધેલો બધો પાછો આપી દઉં એવુ કર! પુત્ર ખૂબ કમાતો થઈ ગયો. હવે ઘડપણમાં ઘરે આરામ કરો! એવી વિનંતી એણે પિતાને કરવા માંડી. પગારના લીધેલા બધા પૈસા પેઢીને પાછા આપી દઈ

પૂજારી પુત્રના ઘરે ચાલ્યો ગયો! આવા દ્રષ્ટાંતો વાંચી જૈન વેપારીઓ પણ પોતાનો માલ દેરાસર, ઉપાશ્રય માટે મફત આપીને મહાન લાભ લે. શક્તિ ન હોય તો મૂળ કિંમતે આપે. આજે કેટલાક અજૈનો પણ ભગવાન, સાધુ અને ધર્મ માટે પૈસા લેતાં નથી. તો જૈનોએ ધડો ન લેવો જોઇએ ?

## ૩. સંઘભક્તિ

ગુજરાતના એક ગામના સંઘના પ્રમુખ હતા. મીટિંગમાં એક ભાઇ દોષ ન હોવા છતાં પ્રમુખને ખખડાવતાં કહે કે તમે આ બાબતમાં ટ્રસ્ટ જાણે તમારા બાપનું હોય એમ વર્તો છો. જવાબ આપતાં પ્રમુખ શાંતિથી બોલ્યા કે ટ્રસ્ટ મારા બાપનું હોય એમ જ બધા કામ કરું છું. ટ્રસ્ટ ભગવાનનું છે અને ભગવાન આપણા બધાના પિતા છે જ. પેલા વિઘ્નસંતોષી ચૂપ થઇ ગયા. હે પુણ્યશાળીઓ ! સંઘના કામ કરતાં આક્ષેપો સાંભળી ગુસ્સો ન કરવો અને સંઘભક્તિનું સુંદર કામ છોડી ન દેવું. એનાથી આપણું અનંત આત્મહિત થાય છે.

## ૪. ધંધાથી નિવૃત્તિ

મુંબઇ ઇરલાના દેવચંદભાઇ શ્રાવકને વ્યાખ્યાન સાંભળતા ધર્મ ગમ્યો. આરાધના કરવા માંડી. પછી ૪-૫ વર્ષે મેં તેમને ધંધાના પાપથી બચવા પ્રેરણા કરી. એમને વાત ગમી ગઇ. મહેનત કરી અને થોડા સમયમાં નિવૃત્ત થઇ ગયા. આજે પણ શાસન કેવું જયવંતુ છે કે આવું કઠિન કામ પણ કેટલાક જીવો હિંમતથી કરે છે. બાકી આજે કરોડપતિઓ પણ ઘરડા થવા છતાં ધંધો છોડતાં નથી. પુણ્યશાળીઓ ! તમે પણ ધંધાના ભયંકર પાપોથી શક્ય એટલા

બચો. છેવટે કર્માદાનના ધંધાનો ત્યાગ કરો.

## ૫. શુભ ભાવની તાકાત જબ્બર

ન્યૂયોર્કમાં સ્ટેટ બેંકમાં જહોન પીટર ક્લાર્ક હતો. એક સ્ત્રી બેન્કમાં મોટી રકમ ઉપાડવા આવી. કારણ પરણેલી તે સ્ત્રીના પ્રેમીએ તેને ભરમાવેલી કે તું મોટી રકમ લાવ. ભાગીને આપણે મજા કરીશું. પુણ્યે પીટર પાસે લેવા આવી. રકમ હાથમાં પીટરે આપતાં જ તેને દિલમાં લાગણી થઈ કે હું ખોટું કરું છું. રકમ પાછી ખાતામાં ભરી. પછી ખબર પડી કે તેનો પ્રેમી લુચ્ચો હતો. તેને પીટર દેવદૂત લાગ્યો. પછી કાયમ લેવડ-દેવડ પીટર મારફતે જ કરવાનો નિશ્ચય કર્યો. પીટરને પૂછતાં તેણે કહ્યું : **"મારી મા ખૂબ ધાર્મિક. તેણે સંસ્કાર આપેલ કે બધાનું ભલું ઈચ્છવું."** તેથી દરેકને રકમ આપતાં-લેતાં દિલથી પ્રભુને પ્રાર્થના કરું છું કે હે પ્રભુ ! એમનું ભલું કરજે. આ પીટરના પવિત્ર દિલની પ્રાર્થનાથી ઘણાને લાભ થયો હતો. બીજા પણ પ્રાર્થનાના અકલ્પ્ય લાભ થયેલ કિસ્સા વર્તમાનમાં પણ ઘણાં બને છે. એમાં પણ તીર્થંકરોનો મહિમા તો સર્વશ્રેષ્ઠ છે. હે જૈનો ! તમે શ્રદ્ધાથી પ્રભુભક્તિ ને પ્રાર્થના વગેરેથી સ્વપરહિત સાધો એ જ શુભેચ્છા.

## ૬. અજબ આરાધના

**૧.** બોરીવલીની યુવતીની દીક્ષાની ભાવના ન ફળી. બીજવર સાથે લગ્ન કરવા પડ્યા. છતાં સાવકા પુત્રોને સવાયા સાચવજે એવી ગુરૂણીની કઠિન હિતશિક્ષાનો શબ્દશઃ અમલ કર્યો!

**૨.** ખંભાતના પ્રફુલ્લભાઇ વર્ષોથી અમદાવાદમાં રહે છે. પ.પૂ.સ્વ.આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના. ગુણો

પ્રત્યે અનેરો આદરભાવ છે. તેથી તેમની સ્વર્ગવાસ - તિથિ વૈ.વ. અગિયારસના દિવસે લક્ષ્મીવર્ધક દેરાસરે ભક્તામરના આરાધકોને પ્રભાવના કરે છે ! **આજે પોતાની પત્ની, પુત્ર, પિતાની તિથિની ઉજવણી હજારો કરે છે. પણ ગુરૂની તિથિ પ્રભાવના વગેરેથી ઉજવનાર આવા વિરલ ગુરૂભક્તોને લાખો ધન્યવાદ!**

**૩. શ્રદ્ધાથી દાદાએ સહાય :** વિરમગામના હરિભાઈને થયું કે કેટલાક જૈનો આર્થિક પ્રશ્નને કારણે વર્ષોથી શાશ્વત તીર્થની પણ યાત્રા કરી શકતા નથી, તો હું લાભ લઉં ! લગભગ સવાસોને યાત્રા કરાવવા નીકળ્યા. રિઝર્વેશન મળેલું નહીં. ટ્રેનમાં જગ્યા ન મળી. છતાં હરિભાઈને શ્રદ્ધા જોરદાર કે મારી ભાવના શુદ્ધ છે તો દાદા સહાય કરશે. એક અજાણ્યો રેલ્વે ઓફિસર આવી પૂછે છે, "શી ચિંતામાં છો?" હરિભાઈએ વાત કરી. પેલો હર્ષથી કહે છે, "હું મહેસાણા જઉં છું. ખાલી ડબો લઈ આવું છું." તે લાવ્યો અને હરિભાઈએ બધાંને યાત્રા કરાવી આમ બે-ચાર વાર યાત્રા કરાવી.

**૪.** પાટણમાં એક ભક્તિવાળા શ્રાવકે બધી મેડીકલ દુકાને કહ્યું કે તમારા ત્યાંથી જેટલી દવા સાધુ-સાધ્વી માટે લઈ જાય તેના પૈસા હું આપીશ ! શ્રાવકો આપે તો પણ લેશો નહીં. કેવી ગુરુભક્તિ ?! ખંભાતમાં પણ આવા શ્રાવક હતા.

**૫.** ખંભાતના પ્રફુલ્લભાઇ વર્ષોથી અમદાવાદમાં રહે છે. પ.પૂ.સ્વ.આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના. ગુણો પ્રત્યે અનેરો આદરભાવ છે. તેથી તેમની સ્વર્ગવાસ - તિથિ વૈ.વ. અગિયારસના દિવસે લક્ષ્મીવર્ધક દેરાસરે ભક્તામરના

આરાધકોને પ્રભાવના કરે છે ! **આજે પોતાની પત્ની, પુત્ર, પિતાની તિથિની ઉજવણી હજારો કરે છે. પણ ગુરૂની તિથિ પ્રભાવના વગેરેથી ઉજવનાર આવા વિરલ ગુરૂભક્તોને લાખો ધન્યવાદ!**

## ૭. નીતિનો દૃઢ આગ્રહ

સરકારી મોટા ઓફીસરના પત્નીએ વિનંતી કરી, 'તમારી મોટી પોસ્ટને કારણે તમે ઘણી લાંચ કમાઇ શકો તેમ છો, પણ તમને ખાસ કહું છું કે અનીતિની રાતી પાઇ પણ ઘરમાં ન લાવશો. **હીરાની બંગડીની મારે કાંઇ જરૂર નથી. મને તો અનીતિના ધનના ત્યાગની જિનાજ્ઞા-પાલન રૂપી અમૂલ્ય ઘરેણાં જ પસંદ છે !'**

## ૮. પૂર્વ-પુણ્યે પ્રવ્રજ્યા સુધી પહોંચાડ્યો

**પાંચ વર્ષનો અશોક** ગુજરાતનો હતો. જાતનો પટેલ. કાકા કાલે પાલીતાણા યાત્રાએ જવાના છે એ વાત ઘરમાં સાંભળી અશોકે કહ્યું,**"મારે પાલીતાણા આવવું છે."** નાનો હોવાથી ઘરના લોકોએ ના પાડતાં એણે જીદ કરી. રાત્રે સૂઇ ગયો. પાંચ વર્ષનો થાકી જાય, એમ વિચારી કાકા બીજે દિવસે એને ન લઇ ગયા. અશોક ઉઠ્યો ત્યારે કાકા જતાં રહેલા. જાણીને એ રડવા માંડ્યો. પણ હવે તો ઉપાય ન હતો. વર્ષો વીતી ગયાં. પણ પાલીતાણા જવાનું બન્યું જ નહીં. મેટ્રીક ભણી **વડોદરા એલેમ્બીકમાં નોકરીએ લાગી ગયો. પાલીતાણા યાત્રા કરવાની અંતઃસ્ફૂર્ણા તેને ૪-૫ વાર થઇ.** એક વાર ઊંઘમાં તેને અવાજ સંભળાયો,**"ઊઠ ! પાલીતાણા ચલ !"** સ્વપ્નમાં આવું વારંવાર

થતાં ઊઠી ગયો. કોઈ દૈવી સંકેત લાગતાં **પાલીતાણા જવાનો દ્રઢ નિશ્ચય કર્યો.** થેપલાનું ભાતું લઈ પરોઢિયે નીકળ્યો. **પાલીતાણા કદી ગયો નથી.** તેથી કોઈને વડોદરા સ્ટેશને પૂછતાં જાણ્યું કે પહેલાં અમદાવાદ જવું પડે. ત્યાંથી પાલીતાણાની ટ્રેન મળે. અમદાવાદ થઈ પાલીતાણા પહોંચી સીધો યાત્રા કરવા ગયો. ઉપર પહોંચી સારી રીતે **યાત્રા કરી. ખૂબ ભક્તિ કરી.** યાત્રા કરી નીચે ઊતરી કોઈ ધર્મશાળામાં રાત્રે સૂઈ ગયો. સવારે બેગ ધર્મશાળામાં રાખી યાત્રા કરવા ગયો.દર્શન કર્યા પછી **સૂરજકુંડ** પાસે બધાને જતાં જોઈ તે પણ ગયો. ત્યાં હાથ પગ ધોયા. દાદાના દર્શનના ભાવ ફરી જાગ્યા.દર્શન કર્યા. પછી બહાર નીકળ્યો. **મનમાં સ્ફૂરણા થઈ કે ગામના મહારાજ સાહેબના દર્શન કરવા.** જે સાધુ મળે તેને પૂછે કે મારા મહારાજ ક્યાં છે ? **ઘણાંને પૂછ્યું પણ મહારાજ સાહેબનું નામ, સમુદાય વગેરે તેને ખબર ન હોવાથી કોઈ કશું બતાવી શક્યું નહીં.** છતાં કંટાળ્યો નહીં. છેવટે એક મહારાજે કહ્યું,''અમદાવાદ જઈ **પગથિયાના ઉપાશ્રયે** તપાસ કરો. કદાચ તમને મળશે.'' અમદાવાદ આવ્યો. સીધો પહોંચ્યો (પગથિયાના) ઉપાશ્રયે. ત્યાં મુનિશ્રી અભયશેખરવિ. મ. વગેરે હતાં. પૂછતાં તેમણે કહ્યું કે પ્રાયઃ ભગવાનનગરના ટેકરે છે. ટેકરે પહોંચ્યો. **આ યુવાન કદી સાધુને મળ્યો નથી. છતાં અંતઃસ્ફુરણાને કારણે કેટલો ભગીરથ પુરુષાર્થ કર્યો !** પૂછતાં પૂછતાં પહેલીવાર **પાલીતાણા પહોંચ્યો.** પછી પણ દૈવી પ્રેરણાથી સાધુ મહાત્માને મળવાનો સંકલ્પ કર્યો. ઘણાંને પૂછવા છતાં સમાચાર મળતા નથી.

અમદાવાદ તપાસ કરવાથી કદાચ જાણવા મળશે એવી એક નાની આશાથી એ છેક **અમદાવાદ આવ્યો. અજાણ્યા ઉપાશ્રયોમાં તપાસ કરવાની. વળી પાછું અજાણ્યા સ્થળે પૂછતાં પૂછતાં જવાનું. છતાં બધું કર્યું ! અને પુણ્યે મહારાજ સાહેબ મળી ગયા.** સાચી ઇચ્છા અને સંકલ્પ કેવા મુશ્કેલ કાર્યોમાં પણ અકલ્પ્ય સફળતા અપાવે છે ?

પોતાના ગામના મહારાજ સાહેબને હર્ષોલ્લાસપૂર્વક વંદન કર્યું. ૨ દિવસ રોકાયો. તેમના ગુરુજીએ **ભણવાની પ્રેરણા કરી. પૂર્વ ભવનો સાધક જીવ હશે તેથી વાત સ્વીકારી લીધી ! ભણતાં ભાવ વધ્યા.** વધુ પરિચય અને વધુ આરાધના કરતાં **દીક્ષાનો નિર્ણય કર્યો. ૨૪ વર્ષની ભરયુવાનવયે દીક્ષા ભાવથી લીધી !** અને ૧૭ વર્ષથી આજે પણ સુંદર સંયમ પાળે છે ! **અંતઃસ્ફુરણાએ આ ધર્મરહિત યુવાનને આરાધનાના શિખરે પહોંચાડી દીધો !** કેવો ઊંચો આત્મા ! હે ધર્મપ્રેમીઓ ! તમને ખરેખર ધર્મ તારક લાગે છે ? તો આ જન્મમાં આટલું કરવાનો સંકલ્પ કરો કે મારી મનોવૃત્તિ મારે વિશુદ્ધ બનાવવી છે. યથાશક્તિ આરાધના અવશ્ય કરવી છે.

## ૯. ખૂનીનો પશ્ચાતાપ

**ખૂનીનો પશ્ચાત્તાપ :** પ.પૂ. આચાર્ય મ. શ્રી હેમરત્નસૂરિજી મ. સાહેબે મહારાષ્ટ્રમાં **દારવાથી વિહાર કર્યો.** આગલા મુકામે ચોકીદાર ભયંકર હતો, તેથી સંઘે ઘણી ના પાડી, છતાં મ.સા. વિહાર કરી ત્યાં ગયા. સરકારી ગેસ્ટહાઉસમાં જ ઊતર્યા. ત્યાં **કીડીઓ ઘણી હતી.** તેથી **બધાં મ.સા. વારંવાર** પૂંજતા હતા.

ચોકીદાર ત્યાં જ હતો. સંઘે કહેલું કે ચોકીદારે ચાર ખૂન કર્યા છે. મ. સાહેબે તેની સાથે કંઇ વાત ન કરી. પણ વાત કરવાનો મોકો તો જોતા જ હતા. લગભગ રાા કલાક થયા. એ બધુ ટગર ટગર **નજરે જોયા કરે.** તેથી મ. સાહેબે પૂછયું, "क्या देखते हो ?" પેલો કહે, "महाराजश्री, तुम लोग ये चींटीयोंको बचाते हो, लेकिन मैंने तो हजारो खरगोस(ससला) मार डाले हैं !" આમ કહી તે **રડવા માંડયો.** થોડીવાર પછી પૂ. આ. શ્રી એ તેને આશ્વાસન આપતાં કહ્યું, "पापी आदमी भी सच्चे दिलसे पश्चाताप करता है तो उसका पाप नष्ट होता है और वह पावन बन सकता है।" ચોકીદારે રડતાં રડતાં બધાં પાપ કબૂલ્યાં. પ.પૂ. **આચાર્યશ્રીએ** તેને આશ્વાસન આપ્યું. ધર્મ કરવાની પ્રેરણા કરી. નવકાર આપ્યો. પ્રાયશ્ચિત્તમાં નવકારવાળી અને આયંબિલ આપ્યાં. દુર્જનને ધર્મી બનાવ્યો !

અજૈનો પણ એકાદ નિમિત્તથી જૈન ધર્મના પરિચયમાં આવે છે તો કેવા ગુણિયલ બની જાય છે ! તમે તો પૂર્વપુણ્યે જન્મથી જૈન છો ! આ મહાન ધર્મના મહિમાને ઓળખીને યથાશક્તિ ધર્મ કરો.

## ૧૦. લોચનો લાભ

ગુજરાતના એ ભાગ્યશાળી ભવ્ય ભાવનાઓના ભંડાર છે. આયંબિલ માત્ર રોટલી અને કરિયાતાથી કરે છે ! સાધુ-વૈયાવચ્ચ, જ્ઞાનની ભક્તિ વગેરે ઘણી આરાધના કરે છે.

બાજુના ઉપાશ્રયમાં એ લોચ કરવા આવેલા. મારા લોચ માટે મેં કહેવરાવ્યું. તેઓ તરત જ આવ્યા. વ્યાખ્યાન, ગોચરી

વગેરે જરૂરી કામ હોવાથી બપોરના ૧૨ પહેલાં નહીં ફાવે એમ મેં કહ્યું. તરત જ તે ભક્તિભાવ ભરેલા હૈયે બોલ્યા, "સાહેબજી ! ભલે તમે બધાં કામ કરી લ્યો, પછી લોચ કરીશ." પોતાને જલદી પાછા જવાનું હોવા છતાં રોકાઇ ગયા. જમવાનો તેમને સુશ્રાવકે ખૂબ આગ્રહ કર્યો પણ ન માન્યા.

ત્યારના થોડા પરિચયમાં પણ તેમના હૈયામાં ઉછળતો ગુરુ-આદરનો ધોધ સાક્ષાત્ જોઇ તથા તેમને મોઢે તેમના અરમાનો, આરાધના, ધર્મભાવનાઓ સાંભળી મને તેમના પ્રત્યે માન થઇ ગયું. એ નિવૃત્ત છે અને શક્ય તેટલી ખૂબ આરાધના કરે છે. સાધુઓની લોચની ભક્તિ કરતા જોઇ ભાવિકોએ બહુમાન સ્વીકારવાની ખૂબ આજીજી કરી પણ એક પાઈ પણ ન લીધી ! જવા-આવવાનું ગાડી ભાડું વગેરે પણ ન લે. ! અરે ! મ. સા. સૂચન કરે તો પણ જમવા પણ ન જાય ! એક વાર તો એક જ દિવસમાં ૧૨ સાધુ ભગવંતોના લોચ કર્યા હતા. લોચ કરનારને અઠ્ઠમ તપનું પુણ્ય મળે એમ કહેવાય છે. આત્મકમાણી કમાઇ લેવાની કેવી તત્પરતા !

હે આત્મહિતાર્થીઓ ! લોચ કરવાનું ભલે તમે શીખ્યા નથી, પણ તમને લોચ કરાવેલ બાલ, નૂતન, વૃદ્ધ વગેરે સાધુ-સાધ્વીની ભક્તિની તક મળે તો વરસી જ પડજો. ખૂબ ભાવથી તેમની શાતા ને સમાધિ વધે એમ બધી ભક્તિ વિવેકપૂર્વક કરશો તો બંધાયેલું પુણ્ય ભવોભવ સુખશાતા સાથે સંયમ પણ મેળવી આપશે. પ્રસિદ્ધિથી દૂર રહેવા ઇચ્છતા હોવાથી આ શ્રાવકજીનું નામ જણાવ્યું નથી. વળી આવા સાધુ-ભક્તોની પણ સર્વ

પ્રકારની ભક્તિનો પણ શક્ય લાભ બધાએ લેવા જેવો છે.

## ૧૧. પાપભયથી લગ્નનો ત્યાગ

ગુજરાતની એ લગભગ ૨૦ વર્ષની નવયૌવનાની આ તદ્દન સત્ય વાત છે. એને આપણે મૃદુલા કહીશું. ઘર ધર્મી, સાધુ સાધ્વી ની પણ ખુબ ભક્તિ કરે. યુવતી સમય મળે ત્યારે સાધ્વીજી પાસે ભણે. ધર્મની વાતો સાંભળે. એની ધર્મશ્રધ્ધા દઢ થઇ ગઈ.

કન્યા ઘણી રૂપાળી. પોતા કરતાં અનેક ગણા સુખી, યુવાન સાથે લગ્ન માટે વાત ચાલી. યુવક રૂપાળો, ભણેલો હતો. બન્ને પક્ષ લગ્ન માટે સંમત થઇ ગયા. કાકાએ છોકરીને છેલ્લે પૂછ્યું, " લગ્ન નક્કી કરીએ છીએ. તારે કંઇ કહેવું છે ?"

હૃદય ભરાઇ જવાથી યુવતી રડવા લાગી. પંદરેક મિનીટ તે રડવું રોકી ના શકી. તેને ભાવિ પાપના વિચારે કમકમાટી થતી હતી. છેવટે કાકાએ કહ્યું, " બેટી ! રડ નહીં. તારા દિલમાં જે કંઇ હોય એ કહી દે. આપણે તેનો રસ્તો કાઢશું. પરંતુ આવો મુરતિયો આજે આપણને મળવો ખુબ મુશ્કેલ ગણાય."

ધર્મરાગી એ કન્યા ગદ્ગદ્ સ્વરે કાકાને કહે છે, "એ યુવાનના ઘરનાં કંદમૂળ ખાય છે. શું મારે અનંત જીવોને મારવાનું પાપ કરવાનું ? અને તે પણ રોજ ? ભલે ઘણું બધું સુખ મળવાનું છે પણ આ પાપ તો હુ નહીં કરી શકું !!" કાકા સમજુ હતા. તેમણે કહ્યું, " દિકરી ! આપણે એમને કંદમુળ બંધ કરાવી ન શકીએ. પરંતુ તારી ઇચ્છા વિરૂધ્ધ અમો કોઇ નિર્ણય નહીં કરીએ ." કન્યાવાળા બહાનું કાઢી મુરતિયા પાસેથી પાછા

આવ્યા.

માતાએ આ જાણી સુપુત્રીને ખૂબ ખખડાવી. પણ પિતા અને કાકા યુવતીના પક્ષે ઊભા રહ્યા. મા સંસારપ્રેમી છે તેથી કંદમૂળના અનંત પાપનો ભય નથી. અને હાથમાં આવેલા આવા સુખને પુત્રી હડસેલી દે છે તેથી ગુસ્સે થાય છે. જ્યારે ભરયુવાન વયવાળી કુંવારી યુવતી પૂર્વભવમાં સાધના કરીને આવી હશે તો ભરચક સુખ મળવા છતાં પાપ કરવા એ તૈયાર નથી ! ધન્યવાદ એ ધર્મી કન્યાને. યુવાન વય છે તેથી પિતા બીજા મૂરતિયાની શોધનો વિચાર કરે છે. પરંતુ આ કાળનો કોઇ નટખટ યુવાન કમભાગ્યે લમણે ઝીંકાશે તો કંદમુળ રાંધવા વગેરે કોણ જાણે કેટલા પાપ કરવા પડશે એવું કાંઇ વિચારી સંસાર પરથી વૈરાગ્ય આવી જવાથી યુવતી પિતાને વિનંતી કરે છે કે હમણાં લગ્નનો વિચાર નથી. પૂ. સાધ્વીજી પાસે ધાર્મિક અભ્યાસ કરીશ. પછી ભાવ જાગશે ને આપ આશીર્વાદ આપશો તો આત્મ-કલ્યાણ કરીશ.

## ૧૨. ચોરને સુશ્રાવક બનાવ્યો

સં. ૨૦૪૩માં ભાવનગરમાં કળશ વગેરેની ચોરી થઇ. ટ્રસ્ટીઓએ હોંશિયારી વાપરી ચોરને પકડ્યો. મીટીંગમાં પ્રમુખ જુઠાભાઈએ પૂછયું, " બોલો મહાનુભાવો ! આ ચોરનું શું કરશું ?" ઘણાંએ સુચનો કર્યા કે પોલીસમાં ફરિયાદ કરો. આવાઓને સીધા કરવા. ફરી કોઇ ચોરી ન કરે. ધર્મપ્રેમી પ્રમુખશ્રીએ કહ્યું, " મારી વાત વિચારો. ચોરી જૈન યુવાને કરી છે. જૈનો તન, મન, ધનથી પ્રભુની ભક્તિ કરે. એ કદી દેરાસરમાં ચોરી કરે ?

ન બને. તમે સંમતિ આપો તો આપણે આની તપાસ કરીએ. આપણી ફરજ છે કે બધાં જૈનની ભક્તિ કરવી. કોઇને પણ ખોટી રીતે દુઃખ ન આપવું. અને કદાચ ઉન્માર્ગે ગયો હોય તો પણ એને સન્માર્ગે લાવવો ! આપણા સંતાનો ભૂલ કરે તો પોલીસ ચોકીએ લઇ જઇએ ?''

ટ્રસ્ટીઓ બધાં આ વાતમાં સંમત થયા. તેને બોલાવ્યો. પૂછતાં જ રડતાં રડતાં તે બોલ્યો, '' હું ખૂબ ચિંતાતુર હતો. પત્ની છ માસથી બીમાર હતી. બાળકો નાના હતા. તેથી નોકરીમાં ક્યારેક મોડું થતું. શેઠે કાઢી મૂક્યો. પત્નીની દવા, ભુખ્યા બાળકોની રડારોડ આ બધી મુંઝવણોમાં કોઇ ઉપાય સૂઝતો ન હતો. ન છૂટકે ચોરી કરવી પડી. જૈન છતાં મેં ભયંકર પાપ કર્યું છે. મને સજા કરાવો. પણ મારી પત્ની અને છોકરાં નિર્દોષ છે. એમના માટે કાંઇક કરજો......''

બધાં ટ્રસ્ટી સમજી ગયાં કે અતિ દુઃખમાં માણસ ગમે તે કામ કરી બેસે. છતાં ખાતરી કરવા પાકી તપાસ કરાવી. વાત તદ્દન સત્ય હતી. જુઠાભાઈએ પૂછ્યું,'' આ જૈનનું શું કરવું છે ?'' એક ટ્રસ્ટી એ કહ્યું, ''આના પાપમાં આપણે પણ જવાબદાર છીએ. સંઘના જૈનોને દુઃખ આવે તો આપણે પણ સહાય કરવી જોઇએ.'' વિચારણા કરીને ટ્રસ્ટીઓએ નક્કી કર્યું કે આના ઘરે તાત્કાલીક દવા અને બે માસનું અનાજ પહોંચાડીએ. અને નોકરી અપાવવી જેથી કાયમ માટે એનું દુઃખ દૂર થાય.

ભક્તિ કરી અને નોકરી અપાવી. આજે એના પુત્રો સુખી છે. આ વાત યાદ કરીને કહે છે, ''શ્રી સંઘના અમે અત્યંત ઋણી છીએ !! જૈનત્વના પ્રેમી ટ્રસ્ટીઓએ અમને જેલને બદલે મહેલ

આપ્યો !!! એમના રૂડા પ્રતાપે આજે અમે ખૂબ સુખી છીએ ! સંઘનો ઉપકાર અમારા વંશવારસોને સદા યાદ રહેશે!"

હે જૈનો ! તમે જૈનપણાનું મહત્ત્વ સમજી સાધર્મિકોની સર્વ રીતે ભક્તિ કરી સ્વપરહિત સાધો એ મંગલ કામના.

## ૧૩. જિનશાસનના ઝગમગતા સિતારા !

**(A) દેરાસરની લગન :** દેરાસર સાઠંબામાં હતું નહી. વર્ષો પહેલાની વાત છે. મગનભાઇને ભાવનાના પુર ઉમટ્યા કે દેરાસર મારા ગામમાં શીઘ્ર થવું જોઇએ. તેથી સંકલ્પ કર્યો કે દેરાસર ન થાય ત્યાં સુધી હું રોજ ૩ દ્રવ્યથી એકાસણા કરીશ ! સાચી ભાવના ફળે જ છે. થોડા વખતમાં દેરાસર બની ગયું અને મગનભાઇને ખુદને દેરાસરની ધજા ચડાવવાનો લાભ મળ્યો !

**(B) પ્રામાણિકતા :** ભાવસારભાઇ વર્ષોથી હીરસૂરિ (મલાડ) ઉપાશ્રયમાં જ્ઞાનભંડારની માનદ સેવા આપે છે. એકવાર તે બેંકમાંથી હજાર રૂપિયા લેવા ગયા હતા. ગણતા ૧૦,૦૦૦ થયા. ૯ હજાર પાછા આપ્યા !!! મારે અણહકની પાઇ ન જોઇએ. સામાન્ય સ્થિતિવાળાની આ પ્રામાણિકતા વાંચી તમે હવે સંકલ્પ કરો કે જીવનમાં ખૂબ પ્રામાણિક બનવું.

**(C) અનીતિ નાની પણ નહીં :** સાઠંબાના મગનભાઇની ગેરહાજરીમાં પુત્રે ધંધામાં ગ્રાહકનો વર્ષો પહેલા અડધો આનો વધુ લઇ લીધો હતો. દુકાને આવતા જાણ્યુ. અનીતિની એક પાઇ પણ ન જોઇએ એ નિર્ધારવાળા મગનભાઇ ગ્રાહકને શોધવા નીકળ્યા ! ત્યારે ન મળ્યા. શોધ ચાલુ રાખી. ત્રીજે દિવસે ખોળી રકમ પાછી આપી ત્યારે જ ચેન પડ્યું ! અને આ

પાપ થઇ ગયું તેથી ત્રણ દિવસ આયંબિલ કર્યા ! શાસ્ત્ર કહે છે કે નાની પણ અનીતિ ઘણીવાર બહુ ભયંકર દુઃખ આપે છે. તેથી હે વાચકો, ક્યારેય જરાપણ અનીતિ કરવી નહીં.

**(D) પ્રામાણિકતાના આશીર્વાદ :** રમેશભાઇ આજીવીકા માટે રીક્ષા ચલાવતા હતા, પૂનામાં રહેતા. એકવાર રીક્ષામાંથી રૂા. ૧૦ હજારની થેલી મળી, મુસાફર ભૂલી ગયેલા. રમેશભાઇ આર્થિક સંકડામણમાં હતા પણ સાધુસંગથી પ્રામાણિકતા ગમતી. પત્ની અને ત્રણ પુત્રીએ પૈસા રાખી લેવા વિનંતી કરી, પરંતુ રમેશભાઈએ રૂપિયા ભરેલી થેલી પોલીસ ચોકીએ સોંપી દીધી !!! માલિક મુસલમાન વૃધ્ધા એ ખૂબ શાબાશી આપી અને રૂા. ૨૦૦ બક્ષીસ આપવા માંડી. રમેશભાઇએ ન લીધી. બાઈએ હૈયાના ખૂબ આશીર્વાદ આપ્યા !

ગરીબો પણ પ્રામાણિક હોય છે તો દરેક સુખીએ તો ક્યારેય કાણી કોડી પણ અનીતિની નથી લેવી એવો દઢ નિશ્ચય કરવો જોઇએ.

**(E) દેવું તરત ચૂકવવું :** ગુજરાતનો ૨૩ વર્ષીય યુવાન આફતમાં ફસાયો. સંબંધીએ લાગણીથી એક લાખ રૂપિયાની સહાય (લોન રૂપે) કરી. થોડા વર્ષે યુવાન કમાતો થયો. દર મહિને દસ હજાર ચૂકવવાનો વિચાર કર્યો. પૂછતાં માએ કહ્યું, "હમણાં બચત વ્યાજે મૂક. થોડા વખત પછી ચૂકવશું !" આ સલાહ યુવકને ગમી નહીં. માતૃભકત તેણે સવિનય પ્રાર્થના કરી. "માતાજી ! કટોકટીમાં સંબંધીએ સહાય કરી મહાન ઉપકાર કર્યો છે. વગર વ્યાજે આપી છે. ન ચુકવાય ત્યાં સુધી ખાવું પણ કેમ ભાવે ? મોડા ચૂકવીએ એનો અર્થ એ થયો કે

આપણે એમના પૈસાથી વ્યાજ કમાઈએ છીએ! તુ વિચાર, આપણી ફરજ તાત્કાલિક દેવું ચૂકવવાની છે !" મા સંમત થઇ, દેવું ચૂકવવા માંડ્યું ! મોટે ભાગે દુઃખમાં સહાય ખાસ કોઇ કરતું નથી એવા જમાનામાં સહાયક સજ્જનનો અનન્ય ઉપકાર માની શક્ય જલદી દેવું ચૂકવવાની દરેકની પ્રથમ ફરજ છે.

## ૧૪. પ્રભુની (અને પૂજારીની) ભક્તિ

**ગિરિશભાઈ** રોજ ૪-૫ કલાક **પ્રભુની સુંદર ભક્તિ** કરે છે. પૂજા માટે **રોજ લગભગ ૫૦૦ રૂપિયાનો સદ્વ્યય** કરે છે. પૂજામાં ભક્તિનો ભંગ ન થાય માટે **ટેલિફોનનું** રિસિવર **પૂજા સમયે** નીચે મૂકી દે છે. સુંદર ઘર દહેરાસર બનાવી આશરે ૨ લાખ રૂપિયાનો આંગીનો સામાન તૈયાર કર્યો છે. **લગ્ન પણ કર્યા નથી !** પ્રભુ ખુબ ગમે છે માટે પ્રભુના **પૂજારીની પણ ભક્તિ કરે છે.** પૂજારીને ઘણો પગાર આપે છે. તેના ગામમાં તેનું ઘર બનાવી આપ્યું ! પોતાના જ ઘરે ઘરના માણસની જેમ રાખે છે! મુંબઈમાં કાલબાદેવી પર રામવાડીમાં તેમના દહેરાસરમાં **આ પ્રભુભક્તની ભક્તિ જોવાનો લ્હાવો લેવા જેવો છે.**

## ૧૫. અલબેલો સંઘ

અમદાવાદ **શેફાલી એપાર્ટમેન્ટમાં** (લાવણ્ય પાસે વાસણામાં) રોજ સામૂહિક ભક્તામરની આરાધના થાય છે. માત્ર ૯૦ ઘરનો સંઘ હોવા છતાં **આ સંઘમાં ઘણી વિશેષતાઓ છે. રોજ રાત્રે સામૂહિક આરતી ઉતારવા** ૨૫ થી ૩૦ જણ અચૂક આવે છે. આરતી સાથે પ્રાર્થના, છડી પોકારવી વગેરે ભક્તિ પણ રોજ કરે છે. ક્યારેક મોટા દહેરાસરોમાં પણ આરતી ઉતારવા કોઇ મળતું

નથી. જ્યારે અહીં બધા રોજ એકી અવાજે ભાવથી આરતી ઉતારે છે. જૈનનગરમાં ઘણા કોલેજિયનો, કિશોરો વગેરે નિયત સમયે રોજ સામૂહિક આરતી અને ચૈત્યવંદન કરે છે તે સાક્ષાત્ જોવા જેવું છે. સંસારપ્રેમીઓ સ્વાસ્થ્ય માટે 'મોર્નીંગ વોક' કરે છે. તમારે પણ આત્મસુખાકારી, શાંતિ માટે કોઇ વહેલી પરોઢે કે મનોહર આહ્લાદક સંધ્યા સમયે **આવા કોઈ સ્થાનની મુલાકાત લઈ અનોખી પ્રસન્નતા અનુભવવા જેવી છે.** શ્રાવકના નિત્ય ધર્મકાર્યમાં ત્રિકાળપૂજામાં આરતીપૂજા પણ રોજ દરેકે કરવાની જિનાજ્ઞા છે.

## ૧૬. ભક્તામર આરાધો

અમદાવાદમાં **લક્ષ્મીવર્ધક દહેરાસર**માં સામુહિક ભક્તિ કરવા ૧૧ વર્ષથી રોજ લગભગ **૧૦૦-૧૫૦ ભાવિકો** સવારે ભેગા થાય છે. સુંદર રાગ અને તાલથી ભક્તામર, પ્રભુ પ્રાર્થના, ચૈત્યવંદન આદિ ભક્તિમાં બધા રસ-તરબોળ થઈ જાય છે. ડૉક્ટરો, વકીલો વગેરે ડીગ્રીધારી સુખી ભક્તોની સાથે ક્યારેક તમારે પણ આ **ભાવ-ભક્તિનો લ્હાવો લેવા જેવો છે.** એમ શેફાલી, નવરંગપુરા વગેરે તથા મુંબઈ વગેરે ઘણાં સ્થળોએ રોજ સામુદાયિક ભક્તામર બોલાય છે.

## ૧૭. પ્રભુપૂજાથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ

મુંબઈવાળો જશવંત જૈન કુળ છતાં જૈન આચારોથી રહિત હતો. ૧૨ વર્ષ પહેલાં તેને **ભરયુવાનીમાં મોઢે સફેદ ડાઘ નીકળ્યો.** ધીરે ધીરે મોઢામાં ઘણી જગ્યાએ ફેલાતો ગયો. **ભગવાનની પૂજાના પ્રભાવે સ્નાત્રજળથી આ રોગ ઘટ્યો અને**

**આયંબિલથી લગભગ મટી ગયો.** પ.પૂ. પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજય ગણિવર મ.ના વ્યાખ્યાનમાં ગયેલો. પૂજ્યશ્રીએ કહ્યું કે **"મહાકલ્યાણકારી પૂજાના પ્રભાવે મને દીક્ષા મળે"** એવી પ્રાર્થના કરી તમે એક માસ પૂજા કરો. દીક્ષાનો મારે નિયમ નથી આપવો. પણ આ નિયમ સહેલો છે. લેવામાં શો વાંધો ? ત્યારે દીક્ષા લેવાનો કોઇ ભાવ નહીં, છતાં જશવંતને વાત ગમી ગઇ. સંકલ્પ મુજબ ૧ માસ ભાવથી ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરી. પૂજા પછી પ્રભુને રોજ પ્રાર્થના કરતો **"હે નાથ ! લગ્નથી બચાવ."** સગાઇ માટે એક કન્યાને જોવા જવાનું હતું. તેની સાથે જશવંતના લગ્ન કરવાનું વડિલોએ લગભગ નિશ્ચિત કરેલું. પણ પૂજાએ અને પ્રાર્થનાએ ચમત્કાર સર્જ્યો ! જોવા જવાના આગલા દિવસે મહેસાણાથી ભાઇએ બોલાવ્યો. કન્યાને મળવાના સમયે જશવંત મહેસાણા હતો. પછી કામ પતાવી પાછો આવ્યો. કન્યાને પછી મળવાનું ટાળ્યું. પછી તો **ધર્મભાવ વધતો ગયો.** દીક્ષાનો ભાવ થયો અને સાધુપણું મળ્યું. આજે એ સુંદર સંયમ સાધી રહ્યો છે. તમે પણ શુભ ભાવથી પરમ શ્રેયસ્કર પૂજા અવશ્ય કરો. પૂજા પછી આત્મહિતકર સુંદર ભાવના અને પ્રાર્થના કરો. બીજું, કોઇ પાપના પ્રસંગ આવી જાય ત્યારે પૂજા કરી સાચા દિલથી પ્રભુને પ્રાર્થના કરો : **"હે દેવાધિદેવ ! તારો** મહિમા અપરંપાર છે. **આ ભયંકર પાપથી બચાવ."** ભયંકર રોગ, સંકટો વગેરે ભયંકર દુઃખોમાં પાપનો માર્ગ ન લેતાં આવા આત્મહિતકર પૂજા વગેરે શ્રેષ્ઠ ધર્મનું જ શરણું લો. તમને પણ ચમત્કારનો પ્રાયઃ જાત-અનુભવ થશે.

## ૧૮. શ્રી આદિનાથની પહેલી પૂજા કરાવી

૧૫ વર્ષની કિશોર વયે એક **પુણ્યવંતો પ્રસંગ સાક્ષાત્ જોઈ રાણપુરના મનવંતરાયનું હૈયું ગદ્‌ગદ્ થઈ ગયું.** શ્રી શત્રુંજયની યાત્રાર્થે ગયેલા મનવંતરાય પૂજા કરવા લાઈનમાં બેઠેલા. પહેલી **પૂજાનું ઘી બોલાતું હતું.** રંગમંડપમાં માતા સાથે બેઠેલા એક માતૃભક્ત ભાઈ પણ ઉછામણી બોલતા હતા. ચડાવો આગળ વધતો હતો. છેવટે પાછળ બેઠેલા **એક ભાઈને ચડાવો મળ્યો.** તેમનું નામ  પ્રભુદાસ કલ્પીએ. **માતૃભક્ત ભાઈ અને તેમના માતુશ્રીની આંખોમાં અશ્રુધારા નીકળવા માંડી.** ભાઈનું માથું ખોળામાં લઈ મા સાંત્વના આપવા લાગી. તેથી ઘણાનું ધ્યાન ત્યાં ગયું. આદેશ મળેલ પુણ્યશાળી પ્રભુદાસે ત્યાં જઈ પૂછ્યું, **'એકાએક કાંઈ તકલીફ થઈ નથી ને ?' માતૃભક્ત ભાઈએ જવાબ આપ્યો,** 'હે પુણ્યશાળી ! બીમારી કાંઈ નથી. હું તો મારા કર્મોને રોઉં છું. **આ મારા બાને ૮૦ વર્ષ થયા છે. દાદાની યાત્રા તથા પહેલી પૂજાની તેમની ઈચ્છા હતી પણ** શક્તિ ન હતી તેથી આગળ બોલી ન બોલ્યો. **કમભાગી હું બાની ઈચ્છા પૂરી કરી શક્યો નહિ** તેથી ખૂબ લાગી આવે છે. વૃદ્ધ બા હવે ફરી યાત્રા માટે આવી શકશે કે નહીં ? અને તેમની પહેલી પૂજાની ઈચ્છા હું પૂરી કરી શકીશ કે નહીં તે કોણ જાણે ? બીજું કાંઈ દુઃખ નથી. આપ સૌ ચિંતા ન કરો. પૂજા કરવા પધારો'. આ સાંભળી **આદેશ મળેલ પ્રભુદાસભાઈ** માતૃભક્તની બાને **પ્રણામ કરી બોલ્યા, 'બા ! હું પણ તમારો દીકરો જ છું.** પુત્રની ઈચ્છા મા અવશ્ય પૂરી કરે. **આ પૂજાની થાળી લો. તમે પહેલી પૂજા**

**કરો.** મા પૂજા કરે પછી જ દીકરો પૂજા કરે ને ?' પ્રભુદાસભાઈની કેવી ઉદારતા ! વૃદ્ધાની અંતરની ભાવના જાણી આ લાગણીશીલ સુશ્રાવક તેમને પોતાની મા ગણી પહેલી પૂજા તેમની પાસે કરાવવા તૈયાર થઈ ગયા. માએ પણ વિનંતી સ્વીકારી અને **માતૃભક્ત અને પ્રભુદાસ બન્ને માને હાથ પકડી દાદા પાસે લઈ જવા માંડ્યા. જોનારા બધા આવું અદ્‌ભૂત દશ્ય સાક્ષાત્‌ જોઈ હર્ષથી ગદ્‌ગદિત થઈ ગયા.** ઘણાંને હર્ષાશ્રુ વરસવા માંડ્યા !

લાઈનમાં પાછળ હોય તેને પણ ક્યારેક ઉદારતાપૂર્વક આગળ કરો. એ આનંદ પણ અનુભવવા જેવો છે. તેથી તમને પૂજા, ઉદારતા, સાધાર્મિક ભક્તિ વગેરે અનેક લાભો થશે.

## ૧૯ પુષ્પપૂજાનો વિશિષ્ટ ઉલ્લાસ

**કલકત્તાનિવાસી ચાંદમલજી બરડિયા** કાપડના વ્યાપારી છે. પુષ્પપૂજાનો પ્રભાવ, મહત્તા, એનાં અનંત ફળ વગેરે મહાત્માઓ પાસે સાંભળીને તેમને ખૂબ સુંદર ભાવના થઈ. **બધા આવી ફૂલપૂજાનો અદ્‌ભુત લાભ લે તો કેવું સારું તેવા ભાવ હૈયામાં ઊછળવા લાગ્યા !** કલકત્તામાં મોટા દહેરાસરમાં ફૂલો, ડમરો વગેરે મહામુશ્કેલીએ મળે છે. **ચાંદમલજી વહેલા ઊઠી ફૂલબજારમાંથી ઘણાં ફૂલો ખરીદી બધાં મોટા દહેરાસરે ગભારા પાસે થાળીમાં મૂકી આવે.** ધંધાર્થે ક્યારેક **બહારગામ જવું પડે ત્યારે** આ લાભ મળે નહીં. તેથી હૈયું ખૂબ રડતું. ખૂબ વિચારતાં આનો ઉકેલ શોધી કાઢ્યો. પોતાના **એક માણસને વધારાનો પગાર આપી બધા દહેરાસરે ફૂલો પહોંચાડવાનું ગોઠવી દીધું.**

આજે પણ આમ હજારોને ફૂલપૂજા કરાવી પ્રશંસનીય મહાન લાભ લે છે !!

નવા નવા શ્રાવકોનો પરિચય થાય ત્યારે તેમની સાથે પણ આ શ્રેષ્ઠ **પ્રભુભક્તિમાં વધુ ભાવિકો જોડાય એની ચર્ચા-વિચારણા કરી તેવા ઉપાયો કરે છે ! હાવરામાં** ૯ માળના નવા મોટા બિલ્ડીંગના ફ્લેટો પોતાના પરિવાર માટે **એ શરતે ખરીદ્યા કે અગાશીનો જરૂરી ભાગ દહેરાસર માટે બિલ્ડર આપી દે !** તમે શું કરો ? અગાશીમાં કૂંડામાં ફૂલોના છોડ ઉગાડવા જેવા વિલાસના કામ કરો ને ? આ ભાગ્યશાળી કેવા કે મોજશોખના નહિ પણ પ્રભુભક્તિના વિચારોમાં અને કાર્યોમાં જ સદા ખોવાયેલા રહે. અને આ ખરીદેલી જગામાં **સ્વદ્રવ્યથી સુંદર પંદર લાખનું જિનાલય બંધાવી સંઘને અર્પણ કર્યું !** કેવા નિઃસ્પૃહી ! બિલકુલ ઈચ્છા નહિ છતાં સભ્યોના અતિ આગ્રહથી ટ્રસ્ટી થવું પડ્યું. **દહેરાસરના વિશિષ્ટ પ્રસંગોમાં ઉછામણી બોલીને જ લાભ લે છે.**

**શ્રી સમેતશિખરજીની યાત્રા બધા સરળતાથી કરી શકે** માટે શક્ય **સુવિધાઓ** ઊભી કરી છે. મિત્રો સાથે ભોમિયાજી ભવન બનાવરાવ્યું. આજે તો ત્યાં શ્રી **શાંતિનાથ ભગવાનનું દેવાલય, ભક્તામર મંદિર** અને ભોમિયાજીનું સ્થાન બની ગયું છે. ભોજનશાળા અને ૧૦૦ રૂમની **ધર્મશાળા** પણ તૈયાર કરાવી દીધી. તેઓ આ સંસ્થાના મંત્રી તરીકે સેવાનો લાભ લે છે.

**ભોમિયાજીની પ્રતિષ્ઠા વખતે** તેમને જાણવા મળ્યું કે શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૧૨,૫૦૦ સફેદ ફૂલોથી પૂજા સાથે જાપ

કરવાથી ઘણો લાભ થાય. તરત કલકત્તાથી ફૂલો મંગાવી બધા યાત્રાળુ સાથે પુષ્પપૂજા કરી. હાલમાં પણ આ સરળ સ્વભાવી **બરડિયાજી આમ આગવી રીતે પ્રભુભક્તિ વગેરે કરી-કરાવી રહ્યા છે.** હે ભવ્યો ! માત્ર **૧૮ ફૂલથી કુમારપાળ રાજાને ફૂલપૂજાનું** કેવું સુંદર ફળ મળેલું ? તો ભક્તિભાવથી આમ આ **ચાંદમલજીએ ફૂલપૂજા સ્વયં કરી, અનેકો પાસે કરાવી કેવું પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું હશે ?** તમે પણ આવા ભાવથી ફૂલપૂજા વગેરે કરી સાચું સુખ પામો એ મનોકામના.

## ૨૦. દેરાસર બંધાવ્યાં

અમદાવાદનાં મહેન્દ્રભાઈએ સ્વદ્રવ્યથી અત્યાર સુધીમાં પાંચ દેરાસર બંધાવ્યાં છે ! અગિયાર દેરાસર બંધાવવાનો તેમનો મનોરથ છે. તમે પણ શક્તિ મુજબ આવો કોઈ મનોરથ સેવી આત્મહિત સાધો એ જ શુભેચ્છા.

મહેન્દ્રભાઈ પર્યુષણની સુંદર આરાધના થાય તે માટે સાત વર્ષથી સપરિવાર **પાલીતાણા જઈને જ પર્વાધિરાજની સુંદર આરાધના કરે છે.** તમે પણ મહાપર્વની ભાવથી આરાધના કરી અનંતા કર્મોનો ખાતમો બોલાવવાનું ચૂકશો નહિ.

## ૨૧. તીર્થની આશાતના તજો

વઢવાણમાં જીવણભાઈ અબજીભાઈ ધર્મિષ્ઠ, સુખી, પ્રતિષ્ઠિત હતા. તેમના સુપુત્ર રતિભાઈ પાલીતાણામાં સ્વદ્રવ્યથી ગિરિવિહાર ધર્મશાળા બંધાવતા ખૂબ જયણા પાળતા. ૬ માસ રોકાયેલા ! પાણી બધું ગળાયા પછી જ વપરાય તે વગેરે જાતે દેખરેખ રાખતા. તેમને પેશાબની તકલીફ. તેથી આશાતનાથી

બચવા યાત્રા કરતા ન હતા. પણ ઘણાએ કહ્યું, "રતિભાઇ ! પાલીતાણામાં હોવા છતાં યાત્રાનો લાભ ગુમાવો છો. એક વાર દાદાની પૂજા કરી આવો." રતિભાઈને પણ ઉલ્લાસ આવી ગયો. હિંમતથી ચડવા માંડ્યું. પણ પહેલાં હડે પહોંચ્યા અને પેશાબની શંકા થઇ. રોકાશે નહીં એમ લાગતાં આ અનાદિ પવિત્ર શાશ્વત ગિરિની આશાતનાના ઘોર પાપથી બચવા નિર્ણય કર્યો. ઉપાય વિચારી એકાંતમાં જઇ પોતાના કપડા પર કામ પતાવી, એક ટીપું પણ ન પડે તેમ કાળજી રાખી નીચે ઉતરી ગયા !! લાખ લાખ ધન્યવાદ તેમની દૃઢ શ્રધ્ધાને ! ઘણી મમ્મીઓ દિવાનખંડને બાબલાના પેશાબથી બચાવે છે, પરંતુ ગિરિરાજની આશાતનાથી કેટલા બચે ?

હે જિનભક્તો ! તારક પ્રભુભક્તિ ખૂબ કરવા સાથે મોટી અને નાની સઘળી આશાતનાથી બચો. એના કડવા વિપાક તમને લોહીના આંસુ પડાવશે. તીર્થોમાં જુગાર, વિષયવાસના, અભક્ષ્ય, અનંતકાય, ગિરિરાજ પર ખાવું-પીવું-પેશાબ આદિ ઘોર આશાતના કદિ કરશો નહીં.

## ૨૨. સાધુ ભક્તિ

પાટણમાં એક ભક્તિવાળા શ્રાવકે બધી મેડીકલ દુકાને કહ્યું કે તમારા ત્યાંથી જેટલી દવા સાધુ-સાધ્વી માટે લઈ જાય તેના પૈસા હું આપીશ ! શ્રાવકો આપે તો પણ લેશો નહીં. કેવી ગુરુભક્તિ ?! ખંભાતમાં પણ આવા શ્રાવક હતા.

## ૨૩. ભાવથી પ્રભુભક્તિ

રજનીભાઇ દેવડી મુંબઈના હતા. શાસન પ્રત્યે તેમને દૃઢ

શ્રદ્ધા હતી. અતિ ઉદારતાથી શાસ્ત્રીય વિધિપૂર્વક હજારો સાધુ-સાધ્વી અને શ્રાવકોની સમક્ષ આ ધર્માત્માએ ૨૦૪૭માં પોષ વદ છઠે લાખો રુપિયા ખર્ચી સિદ્ધગિરિજીનો અભિષેક કરાવ્યો ! સેંકડો વર્ષો પછી અત્યંત ધામધૂમથી ઉજવાયેલો આ અનુમોદનીય પ્રસંગ જોઇ, સાંભળી વિશ્વભરના જૈનોના હૈયામાં વાહ્-વાહ્‌ના ઉદ્‌ગારો નીકળી ગયા. બધે જ વ્યવસ્થા વગેરે શ્રેષ્ઠ. બધા સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા આ પ્રસંગે પધારે તે માટે બધે જાતે આગ્રહભરી વિનંતી કરી. સકલ સંઘની ખરા દિલથી ભાવથી સુંદર ભક્તિ કરી. પધારેલા બધા સંયમીઓ અને સુશ્રાવકો, રજનીભાઇના ભક્તિભાવ, ઉદારતા વગેરેની એકી અવાજે પ્રશંસા અને અનુમોદના કરતા હતા. તેમણે અનંત કર્મની નિર્જરા કરી. વળી ત્યારે પધારેલા કે ન આવી શકેલા લાખો ધર્મીઓએ પણ ત્યાં યથોલ્લાસ ભક્તિ કરવા ઉપરાંત પ્રશંસા અને અનુમોદનાથી ભારે નિર્જરા અને પુણ્યોપાર્જન કર્યાં. એ આખા પ્રસંગનું વર્ણન ઘણી પત્રિકા વગેરેમાં છપાઇ ગયું છે. એકવીસમી સદીના ઉત્તમ શ્રાવકે આવા અનેકાનેક ધર્મપ્રસંગોથી ઘણું ઘણું આત્મહિત સાધ્યું છે. એમના આવા અનેક મનોરથો તથા ધર્મારાધના સકલ સંઘે જાણવા જેવા છે. આવા કરોડપતિને પણ દીક્ષા લેવાની ભાવના સતત થતી હતી. ઘણાંને કહેતા કે મને દીક્ષા ક્યારે મળશે ? એમનું પુણ્ય પણ જોરદાર. આખો પ્રસંગ રંગેચંગે સફળ થયા પછી સકલ સંઘની હાજરીમાં તેમના બહુમાન પ્રસંગે જ તેઓ સદ્‌ગતિમાં ચાલ્યા ગયાં ! એમનું સમાધિ-મૃત્યુ સાક્ષાત્ જોઇ ઘણાંએ દિલમાં ભાવના ભાવી કે અમને પણ આવું મોત મળે ! જગત તેનાથી ખૂબ ડરે છે એ મોત પણ ઘણાંએ માંગ્યું

! હે ધર્માત્માઓ ! શાસન, સંઘ અને ધર્મ પ્રત્યે ઉછળતા ભાવોથી જીવનમાં શક્તિ પ્રમાણે આવું એકાદ પણ સત્કાર્ય કરી તમે પણ મોહનીયને મારી સદ્ગતિ પામો. ત્યાં પણ ઉત્કૃષ્ટ આરાધના કરી શાશ્વત સુખ પામો એ જ એકની એક શુભાભિલાષા.

## ૨૪. જિનવાણીથી વ્યસની સદાચારી

એ યુવાન રોજની ૭૦ સીગારેટ પીતો હતો.પ. પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિ મ. વડોદરા પધાર્યા. તેમના વ્યાખ્યાન ગમવાથી બીજા યુવાને આ ચેઇન-સ્મોકરને રાત્રિના વ્યાખ્યાન સાંભળવાની પ્રેરણા કરી. આ વ્યસની કહે કે મારે ૧૫-૨૦ મિનિટે સીગારેટ પીવા જોઇએ. મારાથી નહીં અવાય. મિત્રે કહ્યું કે ભલે સિગારેટ પીજે. પણ તું વ્યાખ્યાનમાં આવ. સેંકડો યુવાનો આવે છે. તું પાછળ છેલ્લો બેસજે. ત્યાં અંધકારમાં કોઇને ખબર નહીં પડે. આગ્રહને કારણે રાત્રે વ્યાખ્યાનમાં ગયો. ભવિતવ્યતા યોગે એ વ્યાખ્યાનોમાં પ્રસંગોપાત સિગારેટની ભયંકરતા મહારાજશ્રીએ સમજાવી. ત્રણ ઈંચની સિગારેટ ૬ ફૂટના આવા મહાન આત્માને કેવી નચાવે છે ! એવી માર્મિક વાતો સાંભળીને યુવાનને સત્ય સમજાયું. પૂજ્ય શ્રી પાસે જીવનભરનો અભિગ્રહ માંગ્યો ! તેના વ્યસનની વાત જાણી પૂ. શ્રી વિચારમાં પડી ગયા. યુવાને દ્રઢ અવાજમાં કહ્યું કે ગુરુદેવ ! ડરો નહી, ૧૦૦ ટકા પાળીશ. ખાત્રી થતાં નિયમ આપ્યો. પછી તો એ યુવાન જિનવાણી સાંભળતા શ્રાવક બન્યો. સામાયિક, પૌષધ, ઉપવાસ આદિ ધર્મ વારંવાર કરવા માંડ્યો. જિનવાણીની શ્રેયસ્કરતા મુસલમાન એવા અકબર બાદશાહને પણ સમજાઇ ગઇ હતી. તમે પણ રોજ જિનવાણી રૂપ અમૃતનું પાન કરી આત્માનું હિત સાધો એ જ શુભાભિલાષા.

## ૨૫. શિબિરથી સંયમયાત્રા

એ કોલેજિયન યુવાન વર્તમાન વાતાવરણના કુસંગે ધર્મથી વિમુખ હતો. વેકેશનમા શિબિર જાણી આબુમાં આનંદ મેળવવા આવ્યો. પ. પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. નું મુખ જોઇ વિચારે છે કે આ સાધુની મશ્કરી કરવાની મજા આવશે. છતાં અનંતાનંત ધન્યવાદ છે આ જિનવાણીને ! શિબિરમાં આ પ્રભુવચનો સાંભળતા સાંભળતા સંસાર, શાસન વગેરે તત્ત્વોનુ અંશે અંશે સમ્યગ્જ્ઞાન થયું. ધર્મમાં આગળ વધતો ગયો. અંતે ભરયુવાન વયે ચારિત્ર પણ લીધુ ! એમનું નામ પંન્યાસ શ્રી ભુવનસુંદરવિજયજી. આજે તેઓ સુંદર શાસનપ્રભાવના કરે છે.

અનેક ધર્મરહિત યુવાનો આ શિબિર, જિનશાસન, પ્રભુવાણીથી સાધુ, શ્રાવક કે સજ્જન બની ગયા. એમાંના કેટલાક હાલમાં પૂ. આચાર્ય શ્રી રત્નસુંદરસૂરિ, પૂ. આચાર્ય શ્રી જયસુંદરવિજય આદિ બની સુંદર સાધના અને પ્રભાવના કરી રહ્યાં છે. પ્રધાનો, ડૉક્ટરો વગેરે ઘણાં ખરા લોકો જ્યાં સ્વસુખમાં જ ડૂબેલા છે એવા આ હડહડતા કલિકાળમાં પણ શ્રી મહાવીરના આ જિનશાસનને અનંતાનંત ધન્યવાદ કે જે આવા હજારો આત્માઓને સાચા માર્ગે લાવી આત્મહિત કરે છે!

ભાગ્યશાળીઓ ! તમે પણ મહાન પુણ્યોદયે આવું ઉત્તમોત્તમ જિનશાસન પામ્યા છો. તો આ શાસનને ઓળખી હિંમત ને ઉલ્લાસથી એવી સુંદર ધર્મ આરાધના કરો કે શીઘ્ર શિવગતિ સાંપડે એ જ સદા માટે શુભાભિલાષા.

## ૨૬. પ્રતિજ્ઞાના પ્રભાવે વાવાઝોડું શાંત !

વિજાપુરના કુમારપાલ વી. શાહ. ઘણા એમને ઓળખે છે. આજે તેઓ જે શાસન સેવા, જ્ઞાનભક્તિ, અનુકંપા આદિ અનેકવિધ સેવાકાર્યો કરે છે તેના પાયાનો એક સુંદર પ્રસંગ જોઇએ. ગચ્છાધિપતિ પૂ. આચાર્ય વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ની અચલગઢની શિબિરમાં તેઓ ગયા હતા. લગભગ ૪૦ વર્ષ પહેલાંનો પ્રસંગ છે. એક દિવસ ભયંકર વાવાઝોડું ફૂંકાયું. પાણીની વજનદાર કથરોટો પણ ઊડવા માંડી. લાઇટો બધી ઓલવાઇ ગઇ. આ ભયંકર આફતમાંથી બધાં બચે એ શુભ ભાવથી એમણે મનમાં સંકલ્પ કર્યો કે જો દસ મિનિટમાં આ આપત્તિ નાશ પામે તો જીવનભર બ્રહ્મચર્ય પાળીશ !! ભરયુવાન વય, છતાં અનેકોના હિત માટે તેઓ આવું ખૂબ કઠિન વ્રત લેવા તૈયાર થઇ ગયા ! અને ખરેખર વાવાઝોડું બંધ થઇ ગયું ! પાછા એ સુશ્રાવક કેવા ધર્મરાગી કે બ્રહ્મચર્ય પાલન સાથે શાસનના કામો ઘણાં વર્ષોથી કરી રહ્યા છે. આપણે તેમની અનુમોદના પૂર્વક શાસનના તથા જીવોની અનુકંપાના યથાશક્તિ કાર્ય કરી આત્માનુ હિત સાધીએ એ જ શુભેચ્છા.

## ૨૭. પ્રવચનથી મહાધર્મી

મુંબઇ ભીવંડીમાં વ્યાખ્યાન આપતા હતા. ત્યાંથી જતા એક શ્રાવકને વ્યાખ્યાન સાંભળવાની ઇચ્છા થઇ. **એક જ પ્રવચન સાંભળી પોતાના પાપી પૂર્વ જીવન પ્રત્યે પારાવાર પશ્ચાત્તાપ થયો. સાતે વ્યસનોમાં ગળાડૂબ તેણે સાતેયનો ત્યાગ કર્યો!** પ્રભુપૂજા શરૂ કરી. જિનવાણી સાંભળતાં ભાવ વધતાં ૪ **લાખ રૂ. ખર્ચી**

**અષ્ટપ્રકારી પૂજાની સકલ સામગ્રી સોનાની** તૈયાર કરાવી. શ્રેણિક, કુમારપાળ વગેરેની અદ્‌ભૂત પ્રભુભક્તિ જાણી, પોતે **ચાંદીની ગીની રોજે રોજ મૂકે છે!** આ માટે વાર્ષિક રૂ. ૩૬,૦૦૦ વાપરે છે. સુંદર સાથિયો રચવા **સોનાના ચોખા વચ્ચે હીરા મૂકાવી લગભગ સવા લાખમાં તૈયાર કરાવ્યા.** રોજ બે ટાઈમ **પ્રતિક્રમણ, સામાયિક** કરવા માંડ્યા. તપનો પણ ભાવ થતાં સજોડે વર્ષીતપ શરૂ કર્યો. **વર્ષીતપ દરમ્યાન બ્રહ્મચર્ય** જેવું કઠીન વ્રત શરૂ કર્યું! આવી અનેકવિધ આરાધનાનો યજ્ઞ કરતાં એ વિમલ બુદ્ધિવાળા સુશ્રાવક મહારાજશ્રીને વિનંતી કરે છે કે તિજોરીની ચાવી આપને આપી દઉં. મારા હિત માટે આપ કહો તે બધા સ્થાનોમાં **તમે કહો તેટલો લાભ લેવા તૈયાર છું.** હવે મારા કર્તવ્યથી ચૂકું તો દોષ આપનો! દીક્ષાની ભાવનાવાળા, સંસારમાં ફસાયેલા, નિમિત્તવશ પાપો કરનારા આ પુણ્યશાળીનું આખું જીવનપરિવર્તન કરનારી **મહાપ્રભાવક જિનવાણીએ તો અનંતા પાપીઓનો પણ ઉદ્ધાર કર્યો છે !** શ્રાવકના મહત્ત્વના કર્તવ્ય સ્વરૂપ આવા ભયંકર કલિકાળમાં પણ અનેકોને અનેકવિધ પ્રેરણા કરનારા આ વ્યાખ્યાન શ્રવણનો ધર્મ તમે નિયમિત કે શક્યતા મુજબ આરાધી વધુને વધુ આત્મહિત સાધો એ શુભેચ્છા.

## ૨૮. પ્રવચન-શ્રવણથી શ્રેષ્ઠ આરાધના

'ધર્મરુચિ' ધંધામાં વ્યસ્ત હતા. કોઈકે કહ્યું, **"સાંતાક્રુઝમાં ખૂબ સારા વ્યાખ્યાનો ચાલે છે."** તેમને ભાવના થઈ કે મારે આવો સુંદર લાભ લેવો. રોજ સપરિવાર ગાડીમાં ત્યાં જતા. આત્માની યોગ્યતા ઊંચી હતી જેથી સાંભળતાં **સાંભળતાં**

**ધર્મભાવના વધતી ગઈ.** પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજય મહારાજથી શ્રધ્ધા અને આરાધનામાં ક્રમશઃ આનંદ વધતો ગયો. એમનાં શ્રીમતીજી અને સુપુત્ર પણ ધર્મ ખૂબ કરવા માંડ્યાં. અને દીક્ષા પણ લીધી !

આ ધર્મરુચિની નીચેની કેટલીક **અજોડ આરાધનાઓ** અનુમોદવાપૂર્વક તમારા જીવનમાં પણ યથાશક્તિ લાવવા જેવી છે.

(૧) ઘણાં સગાંસંબંધી અને ભાઈઓ હતા, પણ સાત ક્ષેત્રમાં લાખો રૂપિયાનો સદ્વ્યય કર્યો !

(૨) પાણીમાં અસંખ્ય જીવો હોવાનું જાણી ઘરના ત્રણે જણાં ઉકાળેલું પાણી પીતાં.

(૩) દીક્ષા પૂર્વે છેલ્લાં ત્રણ વર્ષ પોતાના ફ્લેટમાં આખી રાત એક પણ લાઇટ કરવાની નહીં !!

(૪) જેટલાં વધુ કપડાં ધોવાય તેટલી હિંસા વધે તેમ વિચારી ધર્મરુચિએ અંડરવેર અને ગંજી વિના ચાલે એમ વિચારી વાપરવાનાં જ બંધ કર્યાં !

(૫) કરોડપતિ હોવા છતાં નોકર ઘણું પાણી વાપરી ખૂબ હિંસા કરશે એમ વિચારી શ્રાવિકા થોડા પાણીથી કપડાં જાતે ધુએ !

(૬) ટી. વી; મેગેઝીનો, છાપા જોવાં બિલકુલ બંધ કર્યા !

(૭) ધર્મરુચિએ ધમધોકાર ચાલતો ધંધો બંધ કરી દીધો !

(૮) ઘરમાં રાત્રે પાણીનું ટીપું પણ રાખવાનું નહીં !

## ૨૯. પ્રવચનશ્રવણનો પ્રભાવ

રાજનગરના દેવેન્દ્રભાઈ ચાર વર્ષ પૂર્વે સંસારમાં મસ્ત હતા. નામ બદલ્યું છે. ક્યારેક દર્શન કરે. ક્યારેક દંપતિ સાથે ક્યાંક નીકળ્યા હોય. પત્ની રસ્તામાં દેરાસર જાય. ધર્મમાં ન માનતા તે બહાર ઊભા રહે ! પત્નીના મૃત્યુ પછી સંબંધીની પ્રેરણાથી એક વાર વ્યાખ્યાન સાંભળવા ગયા. ગમ્યુ, ઘણીવાર સાંભળવા માંડ્યા. ધર્મ સમજાતો ગયો. પૂજા શરૂ કરી !

હવે તો પાલડીમાં રહેતા તે પોતાના ઉપાશ્રયમાં વ્યાખ્યાન ન હોય તો પણ **આજુબાજુના ૭-૮ ઉપાશ્રયમાં જ્યાં પણ પ્રવચન હોય ત્યાં પહોંચી જાય ! છેલ્લાં બે વર્ષથી રોજ સંપૂર્ણ વ્યાખ્યાન સાંભળે છે!** પછી તો સામાયિક, પ્રતિક્રમણ, ધાર્મિક વાંચન, દર મહિને સાધુ-સાધર્મિક ભક્તિ માટે હજાર રૂપિયાનો સદ્વ્યય આદિ ધર્મ વધારતા ગયા !

હે ધર્મપ્રેમીઓ ! તમે પણ વિશિષ્ટ પ્રગતિ કરવા રોજ ધ્યાનથી પૂરું વ્યાખ્યાન સાંભળો. જિનવાણી જરૂર તમારા આત્માનું પણ ખૂબ કલ્યાણ કરશે. જિનવાણીથી હજારોને લાભ થયો છે.

## ૩૦. નવીનકાકાની આરાધના

પાટણના બી. ઈ. પાસ મુંબઈવાસી નવીનભાઈ ૨૦૩૩માં **પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજય મ. ના પ્રવચન શ્રવણ અને સંસર્ગથી** ધર્મમાં પ્રગતિ સાધતા ગયા. ધંધો, ચંપલ, બહારનું ખાવાનું જાવજ્જીવ ત્યાગ કરી બેસણાં કરવા માંડ્યા. ઘણાં અભિગ્રહ લીધા. ૧૨ વ્રત, રોજ ૧૦૮ લોગસ્સ વગેરે

કાઉસ્સગ્ગ, સામાયિકો, પૌષધ, સાધર્મિકભક્તિ આદિ ઘણી બધી આરાધના સાથે યુવાનોને **ધર્મમાં જોડવા વગેરે કામ કર્યા ! ૬૦ ને દીક્ષા અપાવી ! હવે તો સંયમ-સાધના કરતાં ખૂબ શાસનપ્રભાવના કરી રહ્યા છે.**

## ૩૧. અજૈન કે જૈનો ?

(ક) **રાજપૂતનો ધર્મ :** કોશીયલ (રાજસ્થાન)માં રહેતા રાજપૂત લાધુસિંહને પૂ. આચાર્ય શ્રી વિજય જિતેન્દ્રસૂરિજી મ.ના પરિચયથી જૈન ધર્મ પ્રત્યે આદર થયો! પછી બીજા સાધુઓના સંસર્ગથી આદર અને આરાધના વધતાં ગયાં.

**તેમની આરાધના :** રોજ પૂજા, ત્રિકાળ દર્શન, ક્યારેક પ્રતિક્રમણ, બે-ત્રણ સામયિક, ક્યારેક આયંબિલ, પાંચ તિથિએ લીલોતરી-ત્યાગ, નવકારશી, તિવિહાર, સિદ્ધિ તપ, અઠ્ઠઈ, પહેલું ઉપધાન, વગેરે !!! તેમણે પ્રેરણાથી પત્ની અને બીજા ૨૦ જૈનેતરોને જૈન ધર્મ પ્રત્યે આદરવાળા બનાવ્યા છે !!! તમે તમારાં શ્રીમતીજી, સુપુત્રો આદિ કેટલાંને ધર્મી બનાવ્યા ?

(ખ) **રાજપૂતના સુંદર જૈનાચારો :** વઢવાણના રામસીંગભાઈ રાજપૂત સાતે વ્યસનોમાં ફસાયેલા. એક દિવસ એક શ્રાવક મિત્ર **વ્યાખ્યાન સાંભળવા લઈ ગયો.** ધર્મ જચી ગયો. **પછી સાચા શ્રાવક** થઈ ગયા ! સજોડે **બ્રહ્મચર્યવ્રત આજીવન** માટે લઈ લીધું છે ! પૂજા, પ્રતિક્રમણ વગેરે નિત્ય કરે છે ! **ઉપાશ્રયમાં જ રહે !!** દુકાને પણ નથી જતા ! ટીફીન મંગાવી ઉપાશ્રયે જમી લે છે અને ઉપાશ્રયમાં સૂઈ જાય છે !! સંયમની ખૂબ ભાવના છે !!! પરિવારને સમજાવે છે. ૨ વર્ષ

પહેલાં **વીસ સ્થાનક તપ સારી રીતે પૂર્ણ કર્યો. તે પ્રસંગે ઉજમણું, પૂજન, સ્વામીવાત્સલ્ય** વગેરે સહિત ત્રિદિવસીય મહોત્સવ સ્વદ્રવ્યથી કર્યો !

## ૩૨. વ્યાખ્યાને ધર્મી શ્રાવક બનાવ્યા

દિલીપભાઇ લંડન રહેતા હતા. પુણ્યોદયે એકવાર તેમણે ભારતમાં ગુરુદેવ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. નું પ્રવચન સાંભળ્યું. આત્મા જાગી ગયો. પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ. લંડનમાં ખૂબ કમાણી.

છતાં નક્કી કર્યું કે **હવે તો ધર્મ જ કરવો** અને અનાર્ય દેશમાં થતાં અનેક પાપોથી આત્માને બચાવવો. લંડન કાયમ માટે છોડી ૩૦ વર્ષની - કેટલી ? **માત્ર ૩૦ વર્ષની ભરયુવાનવયે જામનગરમાં રહેવા આવ્યા. ભારતમાં નિવૃત્તજીવન જીવવાનું નક્કી કર્યું.** મૂડીના વ્યાજમાં ગુજરાન ચલાવે છે. તેમાંથી સાતક્ષેત્રમાં દાન વગેરે ધર્મ કરે છે.

લાખો રૂપિયા ખર્ચી પાલીતાણા છ'રી પાલિત સંઘ કાઢ્યો. ભવ્ય રથયાત્રા કાઢી. લાખો ખર્ચી ધાર્મિક પુસ્તકો છપાવ્યાં. **અંજનશલાકાથી અનુકંપા સુધીનાં અનેક ધર્મકાર્યો કર્યા.**

વ્યાખ્યાનથી આત્મહિતની ભાવના થઇ. ઘણાં પાપ, અનાર્ય દેશ, પાપરૂચિ વગેરે આત્મ-મલ દૂર કર્યા અને અનેક ધર્મકાર્યો કરી અનેક ભવમાં ધર્મ, સુખશાંતિ વગેરે રીઝર્વ કર્યા, **આ બધો પ્રભાવ ધર્મનો જ ને ?** મહામહિમાવંતુ વ્યાખ્યાનનું શ્રવણ **વગેરે ધર્મ તમે પણ કરો એ જ હિતશિક્ષા.**

## ૩૩. કરુણાપ્રેમી

નડિયાદના સુશ્રાવક મનુભાઇ સુતરીયાના દાદા પોતાના બળદોની સેવા મહિને માત્ર એક જ વાર માતરની યાત્રા કરવા માટે લે! બાકી કાયમ બળદોને માત્ર ખવરાવવાનું.

## ૩૪. જીવદયાપ્રેમી

"શ્રાવકજી! ગામ બહાર વાડા જેવી જગ્યામાં સેંકડો ભૂંડો પૂરાયેલા જોઇને આવ્યો. તપાસ કરવા જેવી છે કે કસાઇ આદિને વેચવાના નથી ને ? **પ. પૂ. મ. શ્રી પદ્મવિજય મહારાજે જીવદયા પ્રેમી બાબુભાઇ કટોસણવાળાને પ્રેરણા કરી.** સુશ્રાવકે યથાશક્તિ કરવા સ્વીકાર્યું. આગેવાન શ્રાવકો સાથે બાબુભાઇ અધિકારીઓને મળ્યા. મ્યુનિ. ચીફ ઓફિસરે કહ્યું,'ભૂંડો ઘણા વધી જવાથી ગામલોકોની વારંવારની ફરિયાદને કારણે મ્યુનિ. એ માણસો મારફતે પકડાવી નિકાલ કરવો પડશે.' શ્રાવકો કહે 'સેંકડો ભૂંડોની કતલ અમારાથી સહન કેમ થાય? અમે જૈન છીએ.' 'તમે આ ભૂંડોને ગામથી દૂર મૂકાવો તો અમે તમને સોંપી દઇએ.' વિચારી **શ્રાવકોએ પૈસા આપી ખુશ કરી ૧૩૦૦ જેટલા ભૂંડને ગામથી દૂર મૂકાવ્યા !** આ ધર્મપ્રેમી બાબુભાઇ પછી વૈરાગ્ય વધતાં પ. પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. સા. ના શિષ્ય મુનિ શ્રી બાહુવિજય બની સ્વપરહિત સાધે છે.

સર્વ જીવોના દુઃખો દૂર કરવાનો જિનોપદેશ સદ્દહી ગીતાબહેન જેવા સેંકડો પુણ્યાત્માઓ પોતાના પ્રાણના ભોગે લાખો જીવોને બચાવે છે. આવા કોઇ પ્રસંગ જોવા મળે તો તમે પણ થોડી હિંમત કેળવી આવા અબોલ પ્રાણીઓના અભયદાનનો

અનંત લાભ લો, એ જ શુભ કામના.

## ૩૫. અદ્‌ભૂત જીવપ્રેમ

બાપુલાલ મોહનલાલ પાલનપુર જીલ્લાના ચીમનગઢ ગામમાં રહે. **જીવો પર ગજબની લાગણી.** દર મહિને કસાઈઓને જીવો વેચતી કોમ પાસેથી **લગભગ સો જીવોને ખરીદી અભયદાન આપે!** જીવદયા માટે સંઘ અને સંસ્થાઓની મદદ લે. ચીમનગઢની સંઘની પાંજરાપોળ સંભાળે. **નિત્ય એકાસણા કરે.** એક વખત ભૂવો માતાજીને બોકડાનો ભોગ ધરવાની તૈયારી કરતો હતો. જઈને ન મારવાં ભૂવાને ઘણું કહ્યું. ન માન્યો. ભૂવાની પત્નીને મળી કહે,'હે મારી ધર્મની બહેન! તારા પુત્ર-પુત્રીના મામેરામાં આ મામો પાંચસો રૂપિયાનો કરિયાવર કરશે. આ નિર્દોષ બોકડાને ગમે તેમ કરી બચાવ!' લાગણી થવાથી ભૂવાને તેની પત્નીએ સમજાવ્યો. **શ્રાવકે મનથી અઠમની તૈયારી કરી!** ભૂવો છોડવા કબૂલ થયો! જીવ બચાવ્યાનો અત્યંત આનંદ તેમને થયો. શ્રી તીર્થંકરદેવો ભવ્ય જીવોને કહે છે કે એકેન્દ્રિય જીવોમાં પણ આપણા જેવો જ આત્મા છે. તેથી કોઈ પણ જીવની હિંસા ન કરવી. તેથી આપણને **પંચેંદ્રિય વગેરે જીવોને બચાવવાની મહામૂલી તક મળે ત્યારે ઝડપી લઈ સ્વપરહિત કરવું એ જ શુભ સંદેશ.**

## ૩૬. કોલેજીયનની અહિંસા

એક વાર એક યુવાન સ્વ. પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરિ. મ. પાસે આવીને કહે : 'સાહેબજી ! કોલેજની વાર્ષિક પરીક્ષામાં દેડકા ચીરવાનું ફરજિયાત હતું. મેં નિર્ણય કર્યો

કે આ ભયંકર પાપ કરવું નથી. નવકાર મંત્ર દિલથી ખૂબ૨ ગણતા પ્રાર્થના કરી કે હે પ્રભુ ! આ પાપથી બચાવ. પરીક્ષા સમયે ગયો. મારો નંબર આવ્યો ત્યારે લાઈટ ગઈ ! દશેક મિનિટ બંધ રહી. એ દરમ્યાન મેં મને આપેલ જીવતા દેડકાને છૂટો મૂકી દીધો. બીજાનો કાપેલો લઈ લીધો. પરીક્ષા આપી દીધી. પાસ થયો. પ્રભુએ પાપથી બચાવી દીધો !' આવા કલિકાળમાં યુવાનો પણ આવા દૃઢ અહિંસાભાવવાળા છે. હે અહિંસાપ્રેમીઓ ! તમે પણ યુક્તિ-પ્રયુક્તિથી ત્રસહિંસા વગેરે મોટા પાપોથી બચવા પૂરો પ્રયત્ન કરી અહિંસક પરિણામોને આ ભવમાં ખૂબ દૃઢ કરો.

## ૩૭. જીવદયા

"મને બાળવાના લાકડા બધા જ પૂંજવા." આ એક જ વાક્ય અંતરની ભારે દયાને કારણે એ શ્રાવકે પોતાના વસિયતનામા (વીલ)માં લખેલું ! જીવતા જરૂર જયણા બધે પાળીશ એ શુભ સંકલ્પ તમે અત્યારે જ કરી અનંતા કર્મોનો નાશ કરો.

## ૩૮. સેવાની લગની

ભણસાલી ટ્રસ્ટ તરફથી અતિ ગરીબ એવા બિહાર પ્રાંતમાં દર વર્ષે નેત્રયજ્ઞમાં હજારો ગરીબોની સેવા કરાય છે. ટ્રસ્ટ તરફથી મોતિયાનું ઓપરેશન, ચશ્મા, ભોજન, ઠંડીમાં રક્ષણાર્થે સ્વેટર મફત અપાય છે.

## ૩૯. જીવદયા પ્રેમી

**જીવદયા :** સુરેન્દ્રનગરના અનિલ વગેરે ત્રણે ભાઈ ધર્મી છે. **ખોળ-કપાસનો ધંધો છે. પણ ચોમાસામાં ધંધો બંધ કરી**

દે ! કારણ ભેજના વાતાવરણથી ખોળમાં જીવાત ખૂબ થાય. પીલતા તે બધાં જીવો મરી જાય. તેથી હિંસા ન થાય માટે ધંધાનો ત્યાગ ! નવો પાક આવે પછી જ ધંધો ચાલુ કરે. ઘરમાં બધાને રાત્રિભોજનત્યાગ છે. મહેમાનને પણ રાત્રે જમાડે નહીં. માએ તેઓને આપેલા ધર્મસંસ્કારથી જીવનમાં ધર્મ સાચવ્યો છે. ત્રણે ભાઈ બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવે છે. બધાં રોજ પૂજા કરે છે ! શ્રાવિકા સાચી ધર્મી હોય તો આખા કુટુંબને ધર્મી બનાવી દે !

## ૪૦. કસાઈની કરુણા

**કસાઈની કરુણા : ડીસામાં એક ખાટકી રહેતો હતો.** આજુબાજુ ઘણા જૈનો રહેતા હતા. તેના માંસના ધંધાથી બધા ત્રાસી ગયેલા. પણ શું કરે ? પ.પૂ. આચાર્ય શ્રી હેમરત્નસૂરિજી મ.ના વ્યાખ્યાનમાં એક વાર આવ્યો. પ્રભાવિત થઈ ગયો. પછી બધા રવિવારે વ્યાખ્યાન સાંભળ્યાં. એક વાર પૂ. શ્રી પાસે કોથળો મૂકી કહે, "આ પાપના ધંધાના બધાં હથિયારો આપને સુપરત કર્યા ! **હવે આજથી આ ભયંકર હિંસાનું પાપ આપની સમક્ષ બંધ કરવાનો નિર્ણય કરું છું !"** તેની આજીવિકા કેમ ચાલશે ? તેમ વિચારી પૂ. શ્રીએ શ્રાવકોને વાત કરી તેને પાંચ હજાર જેટલાં રૂપિયા અપાવ્યા. બીજો ધંધો તેણે ચાલુ કર્યો. જૂના ધંધાનું લાયસન્સ તેણે પૂ. શ્રીને આપી દીધું. તેને વેચત તો તેને ૧૦-૧૫ હજાર મળત. પરિવારને પણ સમજાવ્યું. બધાંએ કાયમ માટે માંસનો ત્યાગ કરી દીધો.

## ૪૧. જિનશાસનના ઝગમગતા સિતારા !

**(અ) ધર્મીને ગેબી સહાય :** મહેન્દ્રભાઇ મરીન ડ્રાઇવ વાળાની આ સત્ય ઘટના લગભગ ત્રીસ વર્ષ પૂર્વેની છે. એક દિવસ આખા શરીરે લકવો થઇ ગયો. પાંચ કુંવારી પુત્રીનો વિચાર આવતા ટેન્શનમાં પડી ગયા. જીવનમાં કરેલા ધર્મ પ્રભાવે ૪-૫ દિવસ પછી રાત્રે સ્વપ્ન આવ્યું ! ખેડૂતે કહ્યું કે અજાહરા પાર્શ્વનાથની યાત્રા કરો. ચોક્કસ મટી જશે. સ્વપ્ન પછી ઊઠી પ્રભુનું ધ્યાન કર્યું ! ઘરનાને સવારે કહ્યું. અજાહરા ક્યાં એ કોઈને ખબર ન હતી. ઘણાને પૂછી શોધી ઉના પાસે આવેલ અજારા તીર્થે સપરિવાર જઇ દર્શન પૂજા કરતાં સ્તવનમાં ભાવવિભોર બની ગયા અને લકવો ગાયબ !!! આવો પ્રભાવક ધર્મ તમે ભાવથી ખૂબ કરો તો દુઃખો ય ભાગી જાય અને અદકેરા સુખો પગમાં આળોટે !!!

**(બ) જાપથી કેન્સર મટ્યું :** સૂરત નાનપુરા અઠવા ગેટના શ્રધ્ધાળુ શ્રાવિકા બહેનનું જિનમતિ ઉપનામ રાખી આ સત્યપ્રસંગને માણીયે. સંવત ૫૫ આસપાસ છાતીમાં જમણી બાજુ ગાંઠ થઇ. બાયોપ્સીથી સ્તન કેન્સરનું નિદાન થયું. ડૉ. ની દવા શરૂ કરી. રિએક્શન આવ્યું. ખોરાક ઘટતો ગયો. નબળાઇ વધતી ચાલી. સદ્‌ગુરૂને પૂછી "નમો જિણાણં, જિયભયાણં" નો જાપ, સ્નાત્રજળનો પ્રયોગ વગેરે શ્રધ્ધાથી શરૂ કર્યા. ધર્મ પ્રભાવે પછી સોનોગ્રાફીમાં કેન્સર અટકી ગયું છે એ જાણ્યું, સંતિકરં સિધ્ધ કરેલા શ્રાવકે ૨૧ દિવસ ૨૧ વાર સંતિકરં સંભળાવ્યું. તેથી થયેલ ફાયદા એ શ્રાવિકાના શબ્દોમાં વાંચો : "ધર્મ પ્રભાવે

ઉલટીઓ બિલકુલ બંધ થઇ ગઇ છે ! ખોરાક બરોબર લેવાય છે ! શરીરમાંથી કાળાશ જતી રહી. બહુ સારું લાગે છે." પ્રસંગનો સાર એ છે કે છેવટે અસાધ્ય રોગોમાં પણ ધર્મને શરણે જવાથી પરલોક તો સુધરે જ અને અહીં પણ શાંતિ, પ્રસન્નતા, પુણ્યબંધ, દુઃખક્ષય વગેરે ઘણા લાભ થાય !

## ૪૨. કરૂણા

નેમચંદભાઇ તનમન અમદાવાદના ઘણાં એમને ઓલિયા તરીકે ઓળખે છે. દુઃખી, બીમાર વગેરે પ્રત્યે તેઓ ખૂબ કરૂણાદ્ર. પરદુઃખ જોઇ પોતે ખૂબ દુઃખી થાય ! તન, મન, ધનથી ઘણાંને સહાય કરી હતી.

## ૪૩. કોલેજીયનનો અહિંસા પ્રેમ

મુંબઇની એ છોકરી કોલેજમાં ભણતી હતી. વનસ્પતિના જીવોનું જ્ઞાન થયા પછી એણે હિંસાથી બચવા ખાવા માટે કેળા પસંદ કર્યા! ઘર માટે શાક લેવા જાય ત્યારે કેળાં લાવે. કારણકે કાચા કેળામાં એક જ જીવ હોય. કારણ અંદર બી હોતા નથી. પછી તો આ યુવતીએ વૈરાગ્ય વધતાં દીક્ષા લીધી ! આજે અનેક શ્રાવિકાઓને ધર્મ સમજાવી આરાધના કરાવે છે. તમે અહિંસા પાળો.

## ૪૪. ઈતર દેવ માનવાના નુકશાન

વડોદરામાં એક ધર્મપ્રેમી સુશ્રાવિકા રહે છે. આપણે એમનું નામ કલ્પિતાબહેન રાખીએ. એ બીમાર હતાં. ઘરના દોરા-ધાગા કરવાનું કહેવા લાગ્યાં. પરંતુ આ કલ્પિતાબહેન અન્ય

દેવ-દેવી ન માનવાના પોતાના નિયમમાં મક્કમ રહ્યાં. કંટાળીને ઘરનાં વારંવાર કહેવા લાગ્યાં કે દોરા કર. મટી જશે. આ શ્રાવિકા પણ રોગથી કંટાળેલા. પરંતુ ધર્મમાં શ્રદ્ધા ઘણી. તેથી દોરાની વાત ન માની.

ઘરના એકસભ્યે એક વાર કોઇ મુસલમાનનું મંત્રેલું પાણી લાવી પીવા કહ્યું. આ બહેને ના પાડી. ઘરનાં બધાંએ બહુ દબાણ કર્યું કે બધાને હેરાન કરે છે. તારે પીવું જ પડશે. અનિચ્છાએ એમને પીવું પડ્યું. જોવા જેવું એ છે કે જ્ઞાનીઓની વાતની અવગણના કરવાથી કેટલું નુકશાન થાય એ આ સત્ય ઘટના આપણને બતાવે છે ! આજના જૈનો પણ દુઃખથી છૂટવા ને સુખ મેળવવા ગમે તે ઉપાય કરવા દોડે છે. પણ તમારે એ દ્રઢ શ્રદ્ધા પેદા કરવા જેવી છે કે આપણું હિત તો જ્ઞાની કહે તેમ કરવામાં જ છે !!

દોરાનાં કડવા ફળ તમે જાણી લો. એ જ દિવસે મધરાતે એમની છાતી પર ખૂબ વજન લાગ્યું. જાણે કોઇ ચઢી બેઠું છે. સાથે જ તે મેલી દેવી માંસના લોચાની થાળી લાવી આ બહેનને બીવરાવવા લાગી. બહેન ખૂબ ડરી ગયાં. આગળની વાત એમના શબ્દોમાં વાંચો.

"મને લાગ્યું કે કદાચ કોઇ મુસ્લિમનું ભૂત હશે. ધર્મશ્રદ્ધા હોવાથી શ્રી મુનિસુવ્રતસ્વામિ ભગવાનના જાપ શરૂ કર્યા. પછી જાપ ઝડપથી કરવા માંડી. કલાકે ઊંઘ આવી ગઈ. સવારે ઘરનાંને બધી વાત કરી. કોઇ માનવા તૈયાર નહીં. તું આ દવા ન કરવા ખોટા બહાનાં કાઢે છે, એમ ઘરનાં ઉપરથી ઠપકો આપવા લાગ્યાં. બીજી રાત્રે પણ આવું જ બન્યું. હું તો ખૂબ જ

ગભરાઇ ગઇ. આમ રોજ રાત્રે થાય. કોઇ સાચું ન માને. મારે હવે શું કરવું ? આ ભયંકર દુઃખથી બચવા મેં સંકલ્પ કર્યો કે શ્રી મુનિસુવ્રતસ્વામીનો પાંચ હજારનો જાપ કરવો. ઘરનાં ગમે તેટલું દબાણ કરે તો પણ અન્ય દેવી-દેવતા ન માનવા અને એ નિયમ બરાબર પાળવો. આમ દ્રઢ મન કરી મંત્રેલું પાણી ફેંકી દીધું. બસ ત્યારથી આ બધી ઉપાધિ બંધ થઇ ગઇ. આ અનુભવથી મેં પાકો નિશ્ચય કર્યો કે ક્યારેય અન્ય દેવ માનવા નહિ."

આ સુશ્રાવિકા ખૂબ ધર્મશ્રદ્ધાળુ છે તેથી તેમનો નિર્ધાર એવો છે કે લીધેલા બાર વ્રત ખૂબ દ્રઢપણે પાળવા. તેમાં દોષ, અતિચાર ન લગાડવા. તેથી ઇતર દેવને કદી ન માનવા એ પાકો નિશ્ચય એમણે કર્યો.

સર્વ જીવોના દિવ્ય સુખ અને શાંતિ માટે સદા તત્પર એવા તીર્થંકર ભગવાનમાં ઘણાને આજે દ્રઢ શ્રદ્ધા નથી અને ગુણરહિત, આચારહીન ફકીર વગેરેમાં વિશ્વાસ છે !! હે સુજ્ઞ જૈનો ! દ્રઢ સંકલ્પ કરો કે ગમે તેવા દુઃખમાં કે સુખમાં સાચી શાંતિ તો અરિહંતના જાપ, ધ્યાન અને ધર્મ આરાધનાથી જ મળે. સર્વશ્રેષ્ઠ જૈન ધર્મનો પ્રભાવ ખરેખર અનંતો છે. કદાચ ભયંકર પાપોદયમાં બીજા મેલા દેવ વગેરેના કોઇ પ્રયોગો કરવા જ પડે તો પણ તારકદેવ તરીકે તો તીર્થંકરને જ દ્રઢ પણે માનવા જોઇએ.

## ૪૫. રાત્રિભોજન કરનારના પાણીનો પણ ત્યાગ

એક સુશ્રાવક આ પ્રસંગોના પુસ્તકો લેવા ગયા. પ્રાસંગિક વાતો પછી તે શ્રાવકે ચા-પાણીની વિનંતી કરી. તેમણે કહ્યું, "પાણી પણ રાત્રિભોજન ન થતું હોય તે ઘેર જ પીવું છું. મુંબઇમાં મારા દીકરાઓના ઘેર પણ પાણી પીતો નથી !" કેવો

રાત્રિભોજનનો ભય ? પોતાના ઘેર રાતના પાણી પણ ન પીવડાવનારા ઘર મળે, પણ રાત્રિભોજીના ઘરના પાણીનો ત્યાગ કરનાર મારા જાણવામાં આ પહેલા શ્રાવક આવ્યા. સદ્ગતિપ્રેમી હે સુશ્રાવકો ! તમે રાત્રિભોજન ત્યાગી બનો તો કેટલું જોરદાર પુણ્ય બંધાય ? ઉપરાંત આવા ઉત્તમ શ્રાવકોની ભક્તિનો પણ ખૂબ મોટો લાભ મળે !

## ૪૬. આચાર્યશ્રીના આશીર્વાદથી સંયમ

રાજન્ રાજનગરનો રંગીલો કૉલેજીયન હતો. કૉલેજમાં રજાઓ હતી. ધર્મી મામાએ પ્રેરણા કરી, "રજા છે તો વ્યાખ્યાન સાંભળ. ખૂબ જ્ઞાન મળશે." આત્મા પૂર્વભવનો વિશિષ્ટ આરાધક હશે, તેથી સ્વીકાર્યું ! આગળ તમે જોશો કે **સાધકનું પુણ્ય એને કેવી રીતે સુંદર નિમિત્ત આપી શાસનનું રત્ન બનાવી દે છે !** પ્રવચન ગમી ગયું. પછી અવારનવાર સાંભળે. ધર્મ વધુ ગમવાથી સાધુઓનો સંપર્ક કર્યો ! ધર્મભાવના વધતી ગઈ. તે પાવર ઇલેક્ટ્રોનિક એન્જીનિયરિંગમાં ભણતો હતો. સાધુના વધુ પરિચયથી દીક્ષાની ભાવના વધતી જ ગઇ ! ઘરનાની રજા મળી પણ તેમનો ખૂબ આગ્રહ કે છેલ્લું સેમેસ્ટર ભણી લે. ડિગ્રી પછી દીક્ષા ધામધૂમથી અપાવીશું. ઉપકારી પિતાજી વગેરેને સંતોષ આપ્યો. પણ થોડા સમય પછી કેટલાક અશુભ નિમિત્તે દીક્ષાની ઈચ્છા મંદ થઈ ગઈ. એન્જીનીયરીંગના અભ્યાસ આદિમાં પ્રવૃત્ત બન્યો.

એક વાર દિલ્હીથી રાજન આવ્યો ત્યારે ઘરેથી કહ્યું કે પૂ. રવિપ્રભવિજયજી ખૂબ બીમાર છે. ઉપાશ્રયે ગયો. પંદરેક દિવસ ખૂબ વૈયાવચ્ચ કરી ! તેનો જન્મદિન આવ્યો. સાંજે છોકરી જોવા

જવાનું હતું. વર્ષગાંઠ હોવાથી પ. પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજીને વંદન કરવા ગયો. કૃપાળુ મુનિશ્રી (હાલ આચાર્ય) નરરત્નવિજયજીએ મહિનાનાં ૧૫ સામાયિક કરવાની પ્રેરણા કરી. તેણે સ્વીકાર્યું. પૂ. આચાર્ય શ્રીને નિયમ આપવાની વિનંતી કરી. દીક્ષાની વાત કોઇને ન કરે, પણ આ સાધકના પુણ્યે **પૂ. આ. ભગવંતના શ્રી મુખેથી અંતરના ઉદ્‌ગાર સર્યા, "બે ઘડીનું સામાયિક કેમ ? જાવજ્જીવનું લઈ લે !"** રાજન્‌ને પૂ. શ્રી પ્રત્યે ખૂબ જ આદર ! ગુરુદેવ કહે તેમાં મારું હિત જ છે. મારે લેવું એવી ભાવના અંતરમાં વધતી ગઈ ! બીજા શ્રાવકોએ પણ પૂ. શ્રીની પ્રેરણાનું વિશિષ્ટ માહાત્મ્ય સમજાવ્યું. પછી તો આઠ માસ પછી દીક્ષા પણ લીધી ! આજે ખૂબ સારી રીતે ઊંચું સંયમ પાળતાં તે નિજાનંદમાં મસ્ત છે!

હે ધર્મપ્રેમીઓ ! આજના અમનચમનના યુગમાં યુવાન વયમાં એક અનોખું સાહસ રાજને પૂ. સંઘસ્થવિર આચાર્યશ્રીની હૈયાની પ્રેરણાથી કર્યું, ને જીવન કેવું ગુણ-સુવાસથી મઘમઘતું બનાવી દીધું ! અભ્યાસ, નિર્મળ સંયમ, વિનય, વૈયાવચ્ચ, સદા પ્રસન્નભાવ આદિ અગણિત ગુણો આત્મામાં પેદા કરી લીધાં !

હે જૈનો ! તમે પણ સંયમીઓના અંતરના આશીર્વાદ મેળવી આવી કોઇ અલબેલી આરાધનાથી આ માનવભવમાં આત્માને એવો પવિત્ર બનાવો કે ભવોભવ શાંતિ, સુખ, ગુણો વધતા જ જાય!

## ૪૭. ગુરૂ-ચરણામૃતનો પ્રભાવ

સાધ્વીજી શ્રી શીલવર્ધનાશ્રીજીને શ્વાસનું દર્દ ઉપડ્યું. રાત અને દિવસ સુવાતું નથી, બેસાતું નથી અને રોગ વધતો ચાલ્યો.

સ્વ. પ. પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. નું ચરણામૃત પાતરીમાં આપ્યું. વાપરી ગયા. થોડી ક્ષણોમાં શ્વાસ બેસી ગયો ! ગુરૂ તત્ત્વનો આવો પ્રભાવ જાણ્યા પછી પણ આપણે જો ગુરૂભક્તિ ન કરીએ તો આપણા જેવા દયાપાત્ર બીજા કોણ ? આપણે સૌ ગુરૂની પૂજ્યતા સમજીએ. આ પ્રભાવ માત્ર બુદ્ધિથી સમજી ન શકાય, પરંતુ ઔષધ, મણિ, મંત્ર વગેરેનો જેમ અચિંત્ય મહિમા આજે પણ અનુભવીઓ સ્વીકારે છે તેમ તમારા જેવા ધર્મપ્રેમી જૈને અનંત શક્તિ ધરાવતાં ગુરૂ તત્ત્વની શ્રદ્ધાપૂર્વક ભાવથી ઉપાસના કરવી જોઇએ.

## ૪૮. નોકરો માટે પણ દિલાવરી !

**અમદાવાદમાં** આજે તો આ પુણ્યશાળી કરોડપતિ છે. નામના નહીં ઇચ્છતા તેમને આપણે **રામલાલભાઈ**ના નામે ઓળખીશું, લગભગ ૪૦ વર્ષ પહેલાં તેમની સ્થિતિ સાવ સામાન્ય હતી. તે વખતે નોકરી કરતા હતા. **પગાર** માસિક **રૂ. ૩૦-૦૦** હતો. તેમના ઉદાર **શેઠ બધા માણસોને બપોરે ચા પીવડાવે.** રામલાલ સાથે નોકરી કરનાર **એક ભાઈ આર્થિક મુશ્કેલીમાં હતા.** પિતા વગેરેની જવાબદારી તેમના ઉપર હતી. રામલાલે વિચાર્યું, "હું ચા છોડું તો એમને એટલો ટેકો થઇ જશે અને ૧ કપ ચા ન પીધી હોય તોય શું લૂંટાઈ જવાનું છે ?" આમ નિર્ણય કરી **ત્યાગ કરી તેના માસિક રૂ. ૭ાા ની બચત કરી તેમને આપી દેવાની વ્યવસ્થા કરી દીધી !** આમ **બીજાની ચિંતા ને કાળજી રાખનાર** આજે કોણ છે ? વળી પોતાની આવક પણ ખૂબ જ થોડી. માસિક **પગારના ૨૫ %** રકમ આમ વગર મફતના **બીજાને આપવા કોણ તૈયાર થાય ?** પરોપકાર-પરાયણતા, ઉદારતા, સર્વ

પ્રત્યે આત્મીયતા વગેરે ગુણો ત્યારે પણ હતા અને આજે સંપત્તિની રેલમછેલના પુણ્યોદય વખતે પણ ટકાવી રાખ્યા છે ! પછી તો સુખી થયા. **ફેક્ટરીના માલિક બન્યા.** આજથી ૧૭ વર્ષ પહેલાં કામ વધવાથી **મજૂરોને ઓવરટાઈમ** આપવો પડ્યો. વધારાનો પગાર તો આપવાનો જ હતો. છતાં પરગજુ **રામલાલભાઈને થયું કે મજૂરો ભૂખ્યા કામ કરે એ વાજબી નથી.** બધાંને ચા-નાસ્તો કરાવ્યો. પછી તો વારંવાર ઓવરટાઈમ કામ કરાવવું પડતું. તો તેમણે એક પ્રથા શરૂ કરી કે **ઓવરટાઈમ વખતે મજૂરોને ચા-નાસ્તો આપવાં.** સર્વ જીવ પ્રત્યે કેવી લાગણી !

## ૪૯. ધર્મી સાધર્મિકની ભક્તિ

અમદાવાદમાં રહેતા ધર્મપ્રેમીની દુકાને શાંતિભાઈ નોકરીએ રહ્યા છે. **શાંતિભાઈ રોજ ચોવિહાર કરે છે તેથી તેમના શેઠે રોજ વહેલા ઘેર જવાની સંમતિ આપી દીધી છે !** શાંતિભાઈને ચોવિહારમાં મુશ્કેલી પડવાને કારણે અત્યાર સુધીમાં ઘણી નોકરી છોડવી પડી છે. આ શેઠ તો એવા આચારપ્રેમી છે કે હવે શાંતિભાઈએ **વર્ષીતપ કર્યો છે** તો કહી દીધું છે કે **ઉપવાસમાં દુકાને ન આવવું.** આવા કઠિન તપમાં કામ કેવી રીતે થાય ? પણ શાંતિભાઈ ઉપવાસમાં નોકરીએ જાય છે જ. છતાં ધર્મરાગી શેઠે તેમને અને અન્ય **સ્ટાફને કહી દીધું છે કે ઉપવાસમાં તેમને મહેનતનું કામ કરવા ન દેવું !**

ખૂબ ખૂબ **ધન્યવાદ આવા સુશ્રાવકોને કે જે જૈન આચાર પાળવામાં બધી રીતે સગવડ કરી આપે છે !**

હે ભાવિકો ! તમે પણ તમારા પરિવારને, કર્મચારીઓને તથા આવા શ્રાવકોને **શ્રાવકાચારોની પ્રેરણા, પ્રોત્સાહન અને સુવિધા આપી અનંત પુણ્ય મેળવો એ જ હિતશિક્ષા.** વિશેષમાં

**પર્યુષણ પર્વમાં** પોતાના જૈન માણસોને સગવડ આપી જૈનોએ આઠ દિવસ **ધર્મ કરવાની તક આપવી જોઈએ,** જેથી તેઓ જે ધર્મ કરે તેનું પુણ્ય તમને પણ મળે. કહ્યું છે કે કરણ, કરાવણ, ને અનુમોદન, સરિખા ફળ નિપજાયો.

## ૫૦. ધર્મપ્રેમી આજના સુશ્રાવકો

એ જ રતિભાઈનો બીજો એક સુંદર પ્રસંગ. એમની સુપુત્રીના લગ્ન હતા. જાન ઘરે આવવાની હતી. અણધારી આફતથી રસ્તામાં સમય બગડવાથી ઘરે જાન આવી ત્યારે સૂર્યાસ્તની થોડી જ વાર હતી. રતિભાઈએ વેવાઈ પક્ષને કહ્યું કે તમે જાણો છો કે રાત્રે હું ખાતો નથી અને કોઈને ખવરાવતો નથી. ચા તૈયાર કરાવી દીધી છે. બધા ચા-નાસ્તો જલદી કરી લો. રાત્રિભોજનનું પાપ કોઈને પણ હું કરવા નહીં દઉં. સગાસ્નેહી સમજાવવા માંડ્યા કે રતિભાઈ ! દીકરીના લગ્નનો પ્રસંગ છે. આટલી કડકાઈ ન ચાલે... પણ રતિભાઈએ મક્કમતાથી સૂર્યાસ્ત પછી કોઈને જમાડ્યા નહીં! ધર્મનો કેવો દૃઢ પ્રેમ !

આ રતિભાઈ ઈંદોરના હુકમીચંદજીનો માલ લાવી વેપાર કરે. હુકમીચંદજી કરોડપતિ. તેમને વઢવાણમાં એક પ્રસંગે આવવાનું હતું. રતિભાઈએ પોતાને ત્યાં જ ઊતરવાની વિનંતી કરી. સાથે કહ્યું કે શેઠજી! સૂર્યાસ્ત પછી હું કોઈને પાણી પણ પીવરાવતો નથી. વિમાન લેટ થવાથી વઢવાણમાં સૂર્યાસ્ત પછી એ આવ્યા. રતિભાઈએ જમાડવાની ના પાડી. ભાઈઓ વગેરેએ ખૂબ દબાણ કર્યું કે શેઠ ગુસ્સે થશે. માલ નહીં આપે. માટે એકવાર એમને ખવડાવી દો. ન માન્યા. કહે,“ભલે ધંધો બંધ કરવો પડે પણ હું રાત્રિભોજન નહીં કરાવું” હુકમીચંદજી કહે કે રતિભાઈ ! લવિંગ તો આપો. (તેમને લવિંગની આદત હતી)

રતિભાઇ કહે કે શેઠજી ! માફ કરો, રાત્રે કશું પણ મારાથી નહી અપાય. મારો આત્મા ના પાડે છે. રાત્રે જાહેરસભામાં રતિભાઇ વગેરે બધા ખૂબ ચિંતામાં હતા કે શેઠ જરુર ખૂબ નિંદા કરશે... પણ હુકમીચંદજીએ તો રતિભાઇને જાહેર સભામાં પાસે બોલાવી ખૂબ ધન્યવાદ આપ્યા !

આવા પ્રસંગો જાણીને તમારે રાત્રિભોજન વગેરે ભયંકર પાપોને તિલાંજલિ આપવાનો દૃઢ નિશ્ચય કરવો જોઇએ. સત્ત્વશાળી ધર્મપ્રેમી જીવો ધર્મમાં સાહસ કરે, ભલેને દુઃખોના પહાડ તૂટી પડે. આપણે પણ આવા વિરલ દૃઢ ધર્મીઓની હદયથી અનુમોદના કરવાનો મહાન લાભ લેવો, પણ નિંદા તો કદી ન કરવી.

## ૫૧. શેઠની જયણા

ખંભાતના એ નગરશેઠ ખૂબ ધર્મપ્રેમી. પાપથી બચવા પૂજા માટે સ્નાન કથરોટમાં કરે. અને એ પાણી રેતીમાં નાખી દે. નોકરે કહ્યું કે શેઠજી ! લાવો હું નાખી દઇશ. શેઠે કહ્યું કે હે ભાઇ ! આ જયણાનું કામ છે. એ હું જ કરીશ. જયણા તમે પણ પાળો. પાળીને ખૂબ પુણ્ય મેળવો.

**ભાગ-૬ સંપૂર્ણ**